


# અધ્યાત્મ

વર્ષ–૨ જાન્યુઆરી–૧૯૮૧ અંક–

## અગત્યની જાહેરાત

અધ્યાત્મનું બીજું વર્ષ ઓકટો. ૮૦થી શરૂ થયું છે. એટલે બીજા વર્ષનું લવાજમ ઓકટો. ૮૦થી સપ્ટે. ૮૧ સુધી ગણાશે. પાછળથી લવાજમ ભરનારને અગાઉના જે અંકો સીલકમાં હશે તે ટપાલથી મોકલી આપવામાં આવશે. લવાજમ મનીઓર્ડરથી મોકલી શકાય છે. —તંત્રી

## પોતાનાથી શ્રેષ્ઠ વ્યક્તિ સાથે સંબંધ બાંધો.

પોતાનાથી શ્રેષ્ઠ વ્યક્તિ સાથે કોઈપણ પ્રકારનો સંબંધ બાંધી લેવો જોઇએ. શ્રેષ્ઠ એટલે ધનમાં શ્રેષ્ઠ નહિ સત્તામાં શ્રેષ્ઠ નહિ પણ આધ્યાત્મિકતામાં શ્રેષ્ઠ. એવાની સાથે ભાઇનો, બહેનનો, પિતાનો, પુત્રનો-કોઈપણ પ્રકારનો સંબંધ માનસિક રીતે જોડી લેવો. એથી જીવન ઉર્ધ્વગામી બનશે. આધ્યાત્મિકતામાં જે તમારાથી ઊતરતા છે, તેમની સાથે સંબંધ જોડશો તો તેમનો કચરો તમારી પાસે આવશે. દારૂડિયા, ચોર, જુગારી વિષયી, કે સંસારના રંગરાગમાં ડૂબેલા લોકો વચ્ચે રહેશો અને ગમે તેટલા મંત્ર કરશો, અનુષ્ઠાનો કરશો, તો પણ ઊંચા નહિ આવો, તમને અધોગામી ઇચ્છાઓ થવા લાગશે. એથી ઉલટું તમોને સાધકો સાથે સંબંધ હશે તો 'અધ્યાત્મ'માં પ્રગતિ થશે. તમારી નિમ્ન પ્રકારની ઇચ્છાઓ પણ ઘટવા લાગશે. શ્રેષ્ઠ પુરુષો તમને દુષ્ટ કહે તોપણ લાભ છે. કનિષ્ઠ લોકો તમને ઈશ્વર કહે તોપણ હાનિ છે.

સંત શ્રી આશારામ


સર્વમંગલ

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૨ અંક : ૪ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૦૦-૦૦ (વિમાનથી)

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા (અમદાવાદ)
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧


### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| દેવતાનું દર્શન | ૩ | શ્રી યોગેશ્વરજી |
| નૂતન વર્ષ–એક ચિંતન | ૫ | શ્રી. જે. વી. શાહ |
| શ્રીસદ્‌ગુરુની પ્રાપ્તિ | ૯ | પૂ. શ્રી. મોટા |
| શ્રી સર્વેશ્વરીજી | ૧૭ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| શ્રી પરમહંસદેવને અનોખો ભક્ત ડૉ. શ્રી. રામચંદ્ર | ૨૩ | નારાયણ હ. જાની |
| તું તારો ડૉકટર થા | ૩૩ | શ્રી. બચુભાઈ છોટાઈ |
| 'મથુરામાં ખોવાયેલી મોતીની માળા આણંદમાંથી મળી.' | ૩૬ | શ્રી. નરેન્દ્ર દેસાઈ |
| પ્રકાશના પંથે | ૩૮ | શ્રી યોગેશ્વરજી |
| अश्नामि प्रयतात्मनः | ૪૦ | સત્સંગી |
| પ્રભુની પ્રીત | ૪૫ | શ્રી યોગેશ્વરજી |
| આવો હરિ | ૪૬ | શ્રી સર્વેશ્વરી |
| હે બંસીના બજવૈયા | ૪૭ | શ્રી. ડૉ. રણજિતભાઈ પટેલ |
| પાત્રતા કેળવો | ૪૮ | પ્રપન્નલાલ કાજી |
| પ. પૂ. માતાજી જ્યોતિર્મયીને શ્રદ્ધાંજલિઓ | ૫૨ | |
| રોગ નાશક મુદ્રાઓ | ૫૮ | વૈદ્ય મગનલાલ ગોહેલ |
| પૂ. યોગેશ્વરજીની અમૃતવાણી | ૬૪ | કુન્દનિકાબેન વિ. રાણા |


# અધ્યાત્મ


**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો**

વર્ષ : ૨ જાન્યુઆરી–૧૯૮૧ અંક : ૪


## દેવતાનું દર્શન

**શ્રી યોગેશ્વર**

દેવતાઓ જે રૂપમાં આપણી પાસે આવે છે તે રૂપમાં આપણે તેમને નથી પૂજતા; પરંતુ તેમની પથ્થરની પ્રતિમાઓને પૂજીએ છીએ: એવી પાંગળી આપણી પૂજા છે !

ઉત્તમોત્તમ ને ફોરમવંતા ફૂલોથી આપણે તેમને શણગારીએ છીએ ને તેમના શરીરે સુગંધિત પદાર્થો ને અત્તર લગાડીએ છીએ. પરંતુ આપણા પથપ્રદર્શક થઇને જ આપણા માર્ગને સાફ કરવામાં આવે છે, એમનું અપમાન કરીએ છીએ ને કેટલીક વાર એમને અપશબ્દો પણ કહીએ છીએ : એવી પાંગળી આપણી પૂજા છે !

વરસોની ઉપાસનાને અંતે પણ તે હાલતા નથી, અને એક અક્ષરે બોલતા નથી; છતાં પણ અચળ શ્રદ્ધાને ધારણ કરીને આપણે તેમની પૂજા કરીએ છીએ; પરંતુ અમૃતનો વરસાદ વરસાવીને, વહાલથી ભરેલાં વચને આપણી અશુદ્ધિનો અંત આણવા જે તન તોડીને મહેનત કરે છે, એમની આપણે અવગણના કરીએ છીએ, એમનો સત્કાર પણ કરતાં નથીઃ એવી પાંગળી આપણી પૂજા છે !

જે આપણી સામે, સાથે ને આજુબાજુ જ રહે છે, એમની તરફ આપણે જોતા પણ નથી; જે આપણે માટે આંસુ સારે છે, મહેનત

કરે છે ને બલિદાન બને છે, એમને આપણે ઓળખતા પણ નથી; ને દૂરના દેવને પૂજીએ છીએ: આવી આંધળી આપણી આરાધના છે !

એક યુવકને જગદંબા પ્રત્યે પુષ્કળ પ્રેમ હતો. એ જગદંબાની ઉપાસના કરતો. એને જગદંબાના સાક્ષાત્ દર્શનના આનંદાનુભવની આકાંક્ષા જાગી. એથી પ્રેરાઈને એ એકાંત અરણ્યમાં આવેલા દેવમંદિરે ગયો, અને અનશન આરંભીને આરાધનામાં બેઠો. એકાદ અઠવાડિયામાં એનું શરીર સુકાઈ ગયું અને નિર્બળ બન્યું. એને ઘોર નિરાશા, ચિંતા અને અસફળતાને પરિણામે અશ્રદ્ધા થઈ. એક દિવસ સ્વપ્નમાં એને એક સુકુમારી કન્યાએ દર્શન આપીને કહ્યું કે હું તો તારા ઘરમાં માતારૂપે વિરાજમાન છું. છતાં પણ મારી પ્રત્યે તું સારો વ્યવહાર નથી કરતો. મારું પૂરતું ધ્યાન નથી રાખતો. મને દુઃખી કરે છે, અને હવે મારા સાક્ષાત્કારની ઇચ્છા રાખે છે. મને ઓળખવાની દૈવી દૃષ્ટિની પ્રાપ્તિ તો કર. એ પછી તને સમજાશે કે હું તો તારી સાથે ને પાસે જ છું. તું જ મારાથી દૂર છે.

યુવકની આંખ ઉઘડી. એને નવીન દિવ્યદૃષ્ટિની પ્રાપ્તિ થઇ. ઘેર પહોંચીને એણે માતાની સેવા કરવા માંડી.

આપણામાંના અનેકને એવી રીતે પરમદેવ પરમાત્માના દર્શનની ઈચ્છા થઇ આવે છે. પરંતુ આપણી સમીપમાં અને આજુબાજુએ પરમ દેવતાનો જે પવિત્ર પ્રકાશ પથરાયેલો છે એને પેખવાનો પ્રયત્ન આપણે ભાગ્યેજ કરીએ છીએ. દૃષ્ટિ બદલાય તો સૃષ્ટિ બદલાય અને સમસ્યા પણ ઉકલી જાય.



# નૂતન વર્ષ—એક ચિંતન

સંગ્રાહક : શ્રી. જે. વી. શાહ

દિવાળી આવી અને નૂતન વર્ષ બેઠું અને પસાર થવા માંડ્યું. ભાઈબીજ ગઈ અને લાભપાંચમ પણ ગઈ.

ગયા વર્ષના સરવૈયા નીકળી ગયા. લેણદેણ ચૂકતે થઈ ગઈ. જૂના ચોપડા અભેરાઈએ ચડી ગયા અને નવા ચોપડાના શ્રી ગણેશ મંડાઇ ગયા.

કેંકે પોતાના નવા મકાન નવી દુકાનોના ઉદ્ઘાટન કરી લીધાં. શ્રીખંડ અને આઈસક્રીમની પાર્ટીઓ ઉડાવી લીધી. પણ આ ક્ષણિક આનંદ વચ્ચે પોતે એક વાત જે નક્કર સત્ય છે, તે ભૂલીજ ગયા; કે "આપણું પોતાનું જીવનનું એક વર્ષ ઓછું થયું. આપણે કમાયા નહિ પણ આપણે કંઇક ખોયુ."

પચાસ કે સો વર્ષ આપણે જીવવાના હતા. પચાસ કે સો વર્ષની આપણી પાસે મૂડી હતી. એમાંથી મૂડી ઓછી થઇ. હવે આપણે ઓગણ પચાસ કે નવાણું વર્ષ જીવી શકવાના. ભૂતકાળની દૃષ્ટિએ આપણે મોટા થયા પણ ભવિષ્યની દૃષ્ટિએ નાના થયા.

જ્યારે હું કોઇને નવું વર્ષ બેઠું એવું બોલતો સાંભળું છું, ત્યારે મને ધ્રાસ્કો પડે છે. મારાથી મનોમન બોલાઇ જાય છે. ભાઈ તું શું કામ ખોટી આત્મવંચનામાં રાચે છે ? એમ બોલ કે જીવનનું એક વર્ષ ઊડ્યું !

જો એક પછી એક વર્ષ આપણા જીવનમાંથી એમ ઓછાં

થતાં જાય, તો આ જીવનની પેઢી ધોળે દિવસે દેવાળું જ કાઢી બેસેને! આવી પરિસ્થિતિ વચ્ચે જીવન પ્રત્યે દુર્લક્ષ સેવ્યે કે બેદરકાર બન્યે કેમ ચાલશે. ? જીવન પ્રત્યે જાગૃતિ રાખીશું તો જ જીવનમાંથી આપણે કંઇક પ્રાપ્ત કરી શકશું.

અનેકના જીવનો આપણી સમક્ષ મોજૂદ છે. ફ્લેટ કે એપાર્ટમેન્ટ ઊભું કરતા પહેલાં આર્કીટેકટ પણ એનો નકશો કે પ્લાસ્ટર ઓફ પેરીસનો મોડેલ બનાવે છે અને તેને આંખ સામે રાખી આખીય ઇમારતનું ચણતર કરે છે.

આપણી જીવનની ઇમારત શું આમ ઈંટ ઉપર ઈંટની જેમ વર્ષ પર વર્ષ વિતાવ્યે જવાથીજ ચણાઈ જશે ? હા. ઈંટ પર ઈંટ ચઢાવ્યે જવાથી ઈંટનો એક આકાર ઊભો થઈ જશે પણ તે ઇમારતનું સ્વરૂપ નહિ ધારણ કરે. એને ઇમારત કોણ કહેશે ? કારણ કે જીવન વર્ષનો ઢગલો જ નથી. એને ઇમારત કે મંદિરનું અસલ સ્વરૂપ આપવા માટે જીવન પ્રત્યેની જાગૃતિ અતિ આવશ્યક છે. આવશ્યક નહિ; અનિવાર્ય પણ છે.

ચોપડાઓ દર વર્ષે બદલાય, સરવૈયા દર વર્ષે નીકળે, અભરાઈને શોભાવતા વાસણો દર વર્ષે સાફ કરાય, ઘરની કાળી પડેલી ભીંતો દર વર્ષે ચૂનાથી સફેદ કરાય તો દર વર્ષે આપણા જીવનનું પુણ્ય અને પાપનું સરવૈયું કેમ ન કઢાય ? જીવનની ભીંત ઉપર લાગેલી ખરાબ કાર્યોની કાલિમાને પણ કેમ ન ધોવાય ? જીવનના ખૂણા ખાંચરામાં જામી ગયેલ ગયેલ ખરાબ વાસનાઓના કચરાને પણ ઉલેચી બહાર ફેંકી ન દેવાય ?

જો આ બધું થાય તો જીવન વર્ષો વર્ષ વધુ ઉજ્જવળ અને મંગળમય બનતું જાય અને બીજા માટે પણ ઉદાહરણ



રૂપ બને. ઊંચા આદર્શો માણસના જીવનને ઉચ્ચ બનાવે છે. જ્યારે નીચા માણસને પ્રગતિમાં અવરોધક બની નીચલા સ્તરે લાવે છે; માટે જ માણસે પોતાના જીવનનો નકશો બનાવવો જરૂરી છે. 'મારે કેવા બનવું છે ?' તે પહેલાં નકકી કરો. માત્ર જીવવું છે ? કે જીવન પૂરું કરવું છે ? કે જીવન ખરેખર જીવી જાણવું છે ?

સમજપૂર્વક જીવન જીવી જાણનાર વ્યક્તિ આ જગતમાં બહુ જ જૂજ જોવા મળે છે. તેઓ જ જીવનનો સાચો આનંદ અને રસ લૂંટી જાણે છે. જીવન જીવી નાખનારની સંખ્યા એથી વધુ હોય છે, જે જીવન જીવવા છતાં જીવનનો રસ લૂંટવા અસમર્થ હોય છે; ત્યારે જીવન ફાવે તેમ વેડફી પૂરું કરી નાખનારાઓનો આ જગતમાં તોટો નથી.

માનવસૃષ્ટિમાં જન્મ મેળવવા છતાં પશુઓની જેમ જ જીવન જીવી નાખવામાં આપણે સંતોષ માનતા હોઇએ તો આપણા જેવા બીજા દયા પાત્ર જીવો કયા હોઈ શકે ? એટલે જ શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છેઃ

" उद्धरेतात्मना आत्मानं, नात्मान मवसादयेत । "

બુદ્ધિ મળી છે, શક્તિ મળી છે, સમજણ મળી છે, સમજાવનારાયે મળ્યા છે. આ બધુ મળવા છતાં સમજવાની આપણી કોઈ તૈયારી જ ન હોય તો કોણ આપણને આગળ લઇ જઈ શકવાનું છે ? ઘણા વર્ષો આમને આમ વીતી ગયાં. છતાં આપણા જીવનના રંગ કે ઢાંચો જે આપણે બદલવા જોઈતાં હતા, તે ન જ બદલાયા, કારણ આપણે જીવનને પાણીના પ્રવાહ જેમ વહી જવા દેવી એક ક્ષુલ્લક ચીજ માની બેઠેલા.

જીવન એક પથ્થર છે. કુશળ કારીગરની જેમ વારે ઘડીએ આત્મનિરીક્ષણનાં ટાંકણા મારી એ પથ્થરને આપણે ઘડવાનો

છે. પથ્થર ઘડાતાં, એ પથ્થર મટી એક પ્રતિમા બને છે. સહુને માટે પૂજ્ય બને છે. આપણું જીવન પણ એવું કાં ન બને ?

વીતેલા વર્ષોની યાદમાં કે આજ સુધી જીવન પ્રત્યે બતાવેલ બેદરકારીની યાદમાં આંસુ ન સારતાં હવે બેઠેલા નૂતન વર્ષે પણ જાગી જઈએ ને જીવનનો નકશો દોરી એ મુજબ જીવનને સુંદર આકાર આપવાનો નિર્ણય કરીએ; તો હજુ પણ બાજી હાથમાં છે, ગભરાવાની જરૂર નથી.


"જીવનમાં ભૌતિક સંપત્તિ ગમે તેટલી હોય, પરંતુ જ્યાં સુધી આત્મિક સુખ માટેની ભૂખ નથી જાગતી, ત્યાં સુધી સાચા, સુખ કે શાંતિનો અનુભવ નથી થતો."

-શ્રી યોગેશ્વરજી

કનેરીયા એન્જીનીયરીંગ વકર્સ

શાંતિભાઇ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

ફોન. નં ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૬૯૧૭




# શ્રીસદ્ગુરુની પ્રાપ્તિ

પૂ. શ્રી. મોટા

મારું આ લખાણ સાહિત્ય રસિકો માટે મુદ્દલે નથી, પરંતુ પા પા પગલી કરતા એવા જે શ્રેયાર્થીઓ છે અથવા તો એવા આરોહણ માર્ગના પ્રવાસીને કંઈ કરતાં પણ થોડી ઘણી પણ સમજણ મળી શકે તેવા હેતુથી મારું આ 'સદ્ગુરુ' પરનું લખાણ તેવા તેવા મથનાર ને માટે છે. ખરો જે શ્રેયાર્થી છે એ તો હ્રદયના ભારપૂર્વક સાર ગ્રહણ કરી લેવામાં જ એક માત્ર સમજે છે. એટલે સંપૂર્ણ નિશ્ચિતતાથી તેવા શ્રેયાર્થીઓના ચરણકમળમાં પ્રેમભક્તિ ભાવે મારું આ શ્રીસદ્ગુરુ પરનું જોડકણાનું લખાણ મૂકું છું.

સને ૧૯૨૧ની સાલમાં ને ૨૨ની શરૂઆતમાં અમારા જેવા કેટલાય વિદ્યાર્થીઓએ દેશની ભક્તિની ભાવનાના ઝનૂનમાં દેશની સેવામાં ઝંપલાવ્યું હતું. તે કાળનો ભાવનાનો જુસ્સો ને ભાવનાની રોનક ઝલક અને એ ભાવનાનો ચમકારો આજે પણ દિલમાં ને નયનમાં ચમકારા પ્રેરે છે. સાહસ અને જોખમોને બિરદાવવાને જુવાનીને એ લડતે પડકાર આપ્યો હતો અને એ પડકારને યુવાનીએ પ્રેમથી સત્કાર્યો અને ઝીલ્યો હતો; પરંતુ એની પાછળ તો ધક્કો હતો ભાવનાના પરિબળનો. તે કાળ ભાવનાથી છલોછલ ઊભરાતો હતો. ત્યાગની તો પરંપરા ફૂટતી હતી. માથાં વધેરાવવાં કેટલાયે યુવાનોમાં તત્પરતા જાગેલી હતી. એવા કાળમાં ભગવાન જ્યારે આપણું મોઢું ફેરવાવે છે, તે એક કોઇક મોટા ચમત્કારની હકીકત છે. ગરીબાઈ તો બહુ કારમી હતી. છ સાત માણસનું કુટુંબ,

પોષણની જવાબદારી એકલી મારા ઉપર, ઘરડાં મા અને વિધવા ભાભી પણ થોડું ઘણું ઘરખૂણે મજૂરી કરીને મેળવે, એવી કપરી ગરીબાઈની સ્થિતિમાં હાથમાં ગંગાજળ લઈને વ્રત લીધેલું કે, "જીવીશ ત્યાં સુધી સેવામાં જ જીવન ગાળીશ." એટલે સેવાની તત્પરતામાં પડેલા એવા કાળમાં શ્રી સદ્ગુરુએ મને પાસે ખેંચ્યો.

અમદાવાદમાં શહેરમાંથી મંગળદાસ ટાઉન હૉલ તરફ જતાં પુલની શરૂમાં જમણે હાથે ત્યારે સાધુનાં કેટલાંક રહેઠાણો હતાં અને આજે પણ છે. ત્યાં એક બાળયોગી પધાર્યા હતા. તેમની પાસે ઘણો માણસો એકઠાં થાય. તે કંઈ ઉપદેશ કે પ્રવચન આપતા નહિ. તેમની અવસ્થા ઉન્મત્ત હતી. રાત્રે સાબરમતી નદીના પાણીમાં ગાંડા હાથીની માફક મસ્તીથી ઊછળતા અને કૂદતા. આજે પણ અમદાવાદના કેટલાક ભાવુક ભાઈઓ તેમને યાદ કરે છે. તેમને હું ના ઓળખું. તેઓ મને ના ઓળખે. છતાં તેઓશ્રી જે બધાં ત્યાં એકઠાં થયા હોય તેમને કહે કે : "નડિયાદથી ચુનિલાલ ભગતને બોલાવો! એક વખત નડિયાદના શ્રી. નાનુભાઈ કંથારિયા તેમના દર્શનાર્થે ગયા હશે. તેમણે આ હકીકત સાંભળી. શ્રી. નાનુભાઈ કંથારિયા અમદાવાદથી નડિયાદ જ્યારે પાછા ફર્યા ત્યારે તેમણે મને આ હકીકત કહી સંભળાવી. ત્યારે મેં તેમને કહ્યું કે :" મારે સાધુ સાથે શી નિસ્બત! મારે કંઈ એમની પાસે જવું કરવું નથી." વળી ત્યારે તો હું એમ પણ માનતો કે આ સાધુ લોકો સમાજની ઉપર આર્થિક રીતે ભારરૂપ છે– They arean economic burden on the society-એમ હું દઢપણે સમજતો. જોકે આજે મારું તે પરત્વેનું મંતવ્ય બદલાયું છે. એમાં કોઈક એવા વિરલા વીરો



છે ખરા પરંતુ સાધુ સમાજ નો પોતાનો જે ધર્મ છે, તે તેઓ સંપૂર્ણપણે યથાયોગ્ય પ્રેમભક્તિ જ્ઞાનપૂર્વક બજાવતા હશે કે કેમ, તેની મને આજે પણ શંકા છે.

આ બાળયોગી મને વગર ઓળખાણપિછાન બોલાવતા હતા, તે હકીકતનો જવાબ તો મેં વાળી દીધો હતો; પરંતુ વગર લેવેદેવે ઓળખાણ પિછાણ વિના મારું નામ પણ જાણ્યા વિના મારું નામ દઈને જ જ્યારે બોલાવે છે, ત્યારે એમાં જરૂર કંઈક રહસ્ય તો હોવું જોઈએ એમ મન બુદ્ધિ વારંવાર દલીલ કરવા લાગ્યાં, અને એ વિચારે તો પછી મારો કેડો જ ન છોડ્યો. એ વિચાર મારો કેડો મૂકે એ હેતુથી હું અમદાવાદ ગયો. ત્યારે મારી ગરીબાઈની સ્થિતિ એવી કે અમદાવાદ જવાના પૈસા પણ ન મળે. ત્યારે મહિને એક આનો માત્ર હજામતનો ખરચતો હતો. જવા આવવાનું ભાડું પણ પેલા શ્રી નાનુભાઈ કંથારિયા પાસેથી મેળવી લીધું હતું. આમ શ્રી હરિકૃપાથી શ્રી બાળયોગી મહારાજનો ભેટો થયો. ભૂરકીથી અંજાઈ જાઉં એવો તો હું નહોતો. છતાં એમના તરફનું મારામાં આકર્ષણ પ્રગટ્યું. તેના કારણોમાં અહીં ઊતરતો નથી. તેમની પાસે વધારે રહી શકાય એવી તો મારી સ્થિતિ ન હતી. જે ચાર દિવસ એમની પાસે રહેવાનું પ્રભુકૃપાથી બન્યું, એ ચાર દિવસ ભાવાવસ્થામાં જ વીત્યા હતા. ભાવાવસ્થા તો આજે હું કહું છું, પણ ત્યારે તો તે સ્થિતિને હું સમજી શક્યો ન હતો. કોઈક ભાવમાં સંપૂર્ણપણે તલ્લીન અને તરબોળ હતો એટલી હકીકત યાદ છે. ત્યારે કોઈ સમયનું ભાન રહ્યું નહોતું. વધુ રહેવાય તેવું તો હતું નહિ. એટલે મનમાં ને મનમાં સંકલ્પ પ્રભુકૃપાથી થયો કે શ્રી બાળયોગી પોતે કૃપા કરીને નડિયાદ પધારે ને

તેઓશ્રી આ બાબતમાં કંઈક શિખવાડે તો શીખવું તો ખરું. મનમાં એવી ઉત્કટ ઝંખના પણ જાગી હતી.

સાચે જ તેઓશ્રી કૃપા કરીને નડિયાદ પધાર્યા અને અમે બન્ને મિશન હોસ્પિટલથી આગળ જતાં ડભાણને રસ્તે હાજીકાસમના બંગલામાં રહેતા. ત્યાં કૃપા કરીને તેમણે મને દીક્ષા આપી. એ દીક્ષાની હકીકત રોમાંચક અને રસિક પણ છે, પણ એ લખવાનું સ્થાન આ નથી. એકવાર દોઢ માસ ને બીજીવાર બે માસ એમ બે વાર મારી સાથે તેઓ એકલા જ રહ્યા હતા. ત્યારે તેમણે કહ્યું કે : “ અલ્યા છોકરા, તારા ગુરુ મહારાજ તો શ્રી કેશવાનંદજી ધૂણીવાળા દાદાજી છે. તેઓ મધ્યપ્રદેશના ઇટારસીથી આગળ સાંઈખેડા છે. ત્યાં તું જઈને એમના આશીર્વાદ લે અને તે પછીથી તેઓશ્રી જે હુકમ આપે તે પ્રમાણે તારે વર્તવું.” શ્રી. બાળયોગીની આવી સલાહથી પ્રેરાઈને હું તો શ્રી સદ્ગુરુ મહારાજ પાસે ગયો અને ત્યાં સાત–આઠ દિવસ રહ્યો. પૂરી તૈયારી કરીને ગયો હતો. કદાચ બધું જ છોડવાનો હુકમ આપે તો તેવી તૈયારી સાથે મારી માને મળીને તેની તથા કુટુંબની આર્થિક સગવડ કરીને ગયો હતો. ત્યાં શું શું થયું તે તે હકીકત લખવી અહીં અસ્થાને છે. શ્રી ગુરુ મહારાજે મને આદેશ આપ્યો કે “ જ્યાં છે ત્યાં કામ કર પરંતુ આ જે ગાંડું ઝનૂન દેશસેવાનું છે તે તારે મૂકી દેવું પડશે. પ્રભુ પ્રીત્યર્થે અને પ્રભુને માટે જ તારે કામ કરવાનું છે. બીજા કોઈને માટે નહિ. સેવાની વાત પણ તારે મૂકી દેવી. રાગદ્વેષથી સંપૂર્ણ મુક્તિ પામ્યા વિના કોઈને સેવાનો અધિકાર નથી. એવો જ્ઞાનભક્તિ પૂર્વકનો યોગ્ય અધિકાર પ્રાપ્ત થયા વિના જે લોકો સેવા કરવા નીકળી પડે છે તેઓ સમાજનું કદી પણ કલ્યાણ કરી



શકતા નથી. ભલેને રાગદ્વેષ ઘટાડવા એકમાત્ર ઉચ્ચ આદર્શ કે હેતુથી સેવાના ક્ષેત્રમાં પડે તેમનામાં પણ કોઈ આંતરિક શક્તિ તો જાગેલી હોતી નથી; તેવા પછી શી રીતે પોતાની વૃત્તિ સંયમમાં લાવી શકવાના ? એવા લોકોને પોતાના જીવનના ધ્યેયનું કશું નિશ્ચિતપણું, દૃઢતાથી મક્કમતાથી નિશ્ચિતપણું તેમનામાં પ્રગટેલું હોતું નથી. કયા હેતુથી કોને માટે સેવા કરીએ છીએ તેનું પણ પેલા લોકોને જ્ઞાનભાન હોતું નથી. આવા લોકો કેવી રીતે રાગદ્વેષ ઘટાડી શકવાના ? ઊલટા તે તો સમાજમાં રાગદ્વેષ વધારશે. આપસ આપસમાં પણ ભેદ વધારશે. સમાજમાં પણ ભેદ વધવાના. ગાંધીજી અહિંસાની વાત કરે છે ખરા, પરંતુ ભગવાનને માર્ગે જે જનારા છે તેમને માટે તે હકીકત સાચી છે. તેવા લોકોના દિલમાં અહિંસા ચેતનાત્મક રીતે, ભાવાત્મક રીતે સતત રમ્યા જ કરવી જોઈશે; પરંતુ સેવા કરનારના દિલમાં તે અહિંસા જીવતી જાગતી નથી. તેમના દિલમાં અહિંસા પરત્વે પૂરેપૂરું સભાનપણું પણ મુદ્દલે હોતું નથી. નર્યા રાગદ્વેષથી ભરેલા છે. માટે તારું મોં તે તરફથી ફેરવી લેવાનું છે. ભગવાન પરત્વેની તારા હૃદયમાં અભિમુખતા જાગે તે તારા માટે ઘણું મહત્ત્વનું છે.”

પરંતુ આ હકીકત ત્યારે મારા દિલમાં ઊતરી ન હતી, તે મારે સાચે સાચું કબૂલવું પડશે. પરંતુ શ્રી સદ્ગુરુ મને એમ છોડે તેમ નહોતા. એવી રાગદ્વેષની ચુંગાલમાં જ્યાં ત્યાં મને દર્શન તો કરાવ્યાં પરંતુ એથી કંઈ પૂરેપુરુ સમજી શકાયું નહિ ‘ પાડે પાડા લડે અને ઝાડનો ખોડો કાઢે ’ એ પ્રમાણે શ્રી સરદાર અને શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની વચ્ચે કોઈ પૂર્વગ્રહ હશે. શ્રી ઈન્દુલાલે તો હાથ પર લીધેલા કામોને એકદમ છોડી દીધાં. ત્યારે આ જીવે શ્રી ઇન્દુલાલે શરૂ કરેલા ‘અંત્યજ સેવા

મંડળ ' માં તેમના મંત્રી તરીકે કામ કર્યું હતું. ગુજરાત વિદ્યાપીઠમાંથી સૌથી પ્રથમ હરિજનોની સેવામાં જોડાનાર આ જીવ જ હતો. શ્રી ઇન્દુલાલ તો છોડી ભાગ્યા તે પછી ' અંત્યજ સેવા મડંળ ' ની પ્રવૃત્તિ શ્રી ઠક્કર બાપા અને શ્રી મામા સાહેબના હાથમાં આવી. તે વેળા શ્રી ઈન્દુલાલના કોઈ પણ માણસને રાખવા નહિ, તેવી સમજણની કંઈક ગંધ આવી કે તેવું મને કોઈકે કહ્યું, ત્યારે મને જે આંચકો લાગ્યો હતો અને સમગ્ર મારા આધારમાં જે ધ્રુજારી પ્રગટી હતી તે આજે બધું યાદ આવે છે. ત્યારે શ્રી સરદારને પણ હું મળ્યો હતો અને મેં કહ્યું : " સાહેબ હું તો એક ગરીબ વિદ્યાર્થી હતો અને મને શિષ્યવૃત્તિ પણ મળતી હતી. માત્ર દેશભક્તિથી પ્રેરાઈને મેં કોલેજ છોડી હતી. અને વિદ્યાપીઠમાં જોડાયો હતો. એક વખત ગાંધીજીએ વિદ્યાપીઠના પ્રવચનમાં કહ્યું કે " તમે તો એક ડીગ્રીનો મોહ છોડી અને બીજી જાતની ડીગ્રીનો મોહ હજી જીવતો રાખ્યો છે. મારી તો એવી શ્રદ્ધા હતી કે જુવાનો કોલેજો છોડીને દેશની સેવામાં લાગી જાય અને ગામડે ગામડે ભમીને સમાજને જાગ્રત કરે. " એ સાંભળી ને તરત જ વિદ્યાપીઠ પણ છોડી ને ' અંત્યજ સેવા મંડળ ' માં જોડાયો હતો ત્યારે પણ મને સારા વેતનથી દેશી રાજ્યમાં નોકરી મળી શકે તેમ હતું. "પરંતુ મેં દેશ-સેવાનું વ્રત લીધેલું છે એટલે હરિજન સેવા છોડી દેવાનો નથી. તમે નહિ રાખો તો પણ દેશસેવાનું કામ તો હું ચાલું જ રાખીશ અને મારી મેળે કરીશ. રોટલો આપનાર તો ભગવાન છે. સેવાનું વ્રત તો અખંડ રાખીશ. જ એવો મારો દૃઢ નિશ્ચય છે. " એમ કહીને હું એમની પાસેથી વિદાય થયો. પરંતુ આ હકીકતની ભીંસ મને એવી તો સજ્જડ ચારે કોરથી



સતત ભીંસાતી જ રહી. એણે મારી આંખ ખુલ્લી કરી કે શ્રી ગુરુ મહારાજ કહેતા હતા તે હકીકત તો સાચી જ હતી. આ સેવાના ક્ષેત્રમાં હજી રાગદ્વેષ તો છે. મારે માટે જ જ્ઞાનપૂર્વક શ્રી સદ્‌ગુરુએ પ્રસંગ ઊભો કર્યો હશે અને આ હકીકત જ દેશ-ભક્તિનું ઝનૂન અને આ સેવાની ધૂન એકમાત્ર શ્રી હરિકૃપાથી ઉપરના પ્રસંગથી મોળી પડવા લાગી. એમ મારું મોં દેશ-ભકિત પરત્વેથી ભગવાનની અભિમુખતા તરફ ફેરવાતું ગયું.

કોઈપણ પરિસ્થિતિમાં કે સમયમાં જીવન જીવવાનો આનંદ કે સંતોષ મળતો હોયતો તેનાથી વધારે બીજી કોઈ મિલ્કત મેળવવાની આવશ્યકતા નથી. સંતોષ સાથે સંસાર-માંથી વિદાય થવાય એના જેવું બીજું એકેય સુખ નથી.

જ્ઞાનનેત્રવાળા યોગીઓ અંગુષ્ઠમાત્ર પ્રમાણવાળા ધુમ્રરહિત જ્યોતિરૂપ આભાને હૃદયસ્થિત માને છે. જે આત્માને જોઈ શકતા નથી તેઓ અનુભવી શકે છે. શરીરમાં ચાલતી પર-માત્માની પરમ સત્તાને કોણ જાણતું નથી ?

# સહાયક ભંડોળ યોજના

અધ્યાત્મની સહાયક ભંડોળ યોજનાને વાંચકો તેમ જ શુભેચ્છકોએ સારો એવો સહકાર આપ્યો છે. મે, ૧૯૮૦થી શરૂ કરાયેલ આ યોજનામાં અત્યારસુધીમાં ૧૧૪ જેટલા લાઈફ મેમ્બરો નોંધાઇ ગયા છે. તે બદલ તે સહુનો આભાર માનીએ છીએ.

આવતા બે વર્ષમાં ૪૦૦ જેટલા લાઈફ મેમ્બરો ( આજીવન સભ્યો ) નોંધવાની અમારી નેમ છે. જેથી માસિક ચલાવવામાં કોઈ આર્થિક મુશ્કેલી ન રહે.

'અધ્યાત્મ' ની આ સહાયક ભંડોળ યોજનામાં જોડાઈ આપ એક યજ્ઞકાર્યમાં સહાયભૂત બનો.

| ભારતમાં | | પરદેશમાં |
|---|---|---|
| રૂ. ૨૫૧ | લાઈફ મેમ્બર ( આજીવન સભ્ય ) | રૂ. ૧૫૦૧ |
| રૂ. ૫૦૧ | સહાયક પેટ્રન | રૂ. ૨૦૦૧ |
| રૂ. ૧૦૦૧ | પેટ્રન | રૂ. ૨૫૦૧ |

સારા કાર્યમાં સાથ આપવો એ પણ એક સત્કર્મ છે, એ હંમેશાં યાદ રાખો.

## નવા નોંધાયેલ આજીવન સભ્યો

૧૧૫ શ્રી નરેન્દ્ર નટવરલાલ ઠાકર અમદાવાદ રૂ. ૨૫૧
૧૧૬ શ્રી ભદ્રેશકુમાર જયંતીલાલ ગાંધી અમદાવાદ રૂ. ૨૫૧



# શ્રી સર્વેશ્વરીજી

( ગતાંકથી ચાલુ )

**શ્રી ભાઈલાલભાઈ છાટબાર**

[ નોંધઃ– પૂ. શ્રી. સર્વેશ્વરી માનાં સાધનાત્મક જીવનનો પરિચય કરાવતા શ્રી ભાઇલાલભાઈ છાટબારના લેખને ત્રણ અંકોમાં આવરી લેવામાં આવ્યો છે. આ અંકમાં તેનો છેલ્લો અને આખરી હપ્તો પ્રસિદ્ધ થાય છે. પ્રથમ હપ્તો ઓક્ટો. ૮૦ અને બીજો હપ્તો ડીસે. ૮૦ના અંકોમાં છપાયો છે, જેની વાંચકોને નોંધ લેવા વિનંતી છે. ] -તંત્રી

### ઝામ્બિયાનો સાંસ્કૃતિક યાત્રા–પ્રવાસ

૧૯૭૯માં જુલાઈની અધવચ્ચે પ. પૂ. શ્રી યોગેશ્વરજી બે માસ માટે ઝામ્બિયા ( આફ્રિકા ) ના સાંસ્કૃતિક યાત્રા પ્રવાસે ગયેલ. ત્યાંના બધા કાર્યક્રમોમાં શ્રી સર્વેશ્વરીજી પણ જોડાયેલાં. તેઓના સરળ પ્રેમમય તથા નમ્ર સ્વભાવને લીધે તેઓ ત્યાંના લોકોમાં ખૂબ જ લોકપ્રિય બનેલ. વળી તેઓના મીઠા મધુર કંઠે ગવાતાં ભજનોએ ત્યાંની ધર્મપ્રેમી જનતાને મુગ્ધ કરી દીધેલ. તેઓના સાન્નિધ્યના કારણે ઝામ્બિયા દેશના શ્રોતાવર્ગમાં સ્ત્રીવૃંદો પર સારો પ્રભાવ પડેલ. તેઓના પવિત્ર સંયમી, સાદા અને ધર્મમય જીવનની છાપ સૌ ઉપર ખૂબ જ સારી પડેલ. તેઓ ત્યાં નિત્ય નિયમિત યોગાસનો કરતાં અને રોજ ચાર વખત ધ્યાનમાં બેસતાં. લાંબા પ્રવાસો અને ભરચક કાર્યક્રમોમાં ખૂબ રોકાયેલ હોવા છતાં તેઓ ધ્યાનનો સમય અચૂક જાળવતાં. નવાં નવાં શહેરોમાં પ. પૂ. શ્રી નો પરિચય આપવાનું તેમ જ બહેનોને ધ્યાનની ક્રિયાઓ ને

આસનો શીખવવાનું કાર્ય તેઓએ જ સંભાળેલ. આફ્રિકાની તે ધરતીના પણ ધન્ય ભાગ્ય કે એકી સાથે ભારતની બે વિભૂતિઓના સત્સંગનો તેને લાભ મળ્યો.

આ વિદેશપ્રવાસમાં કેટલાક ભૂમિકાવાળા ભક્તોને શ્રી સર્વેશ્વરીજીના દૈવી દર્શનના અનુભવો થયા. પૂર્વના ઋણાનુબંધે કેટલાક જીવ તેઓ બંનેની નિકટ આવ્યા ને પ્રેરણા પામ્યા.

**ઝામ્બિયાના એક પત્રમાંથી:**-લુસાકાથી તા. ૨૮–૯–૭૯ ના પત્રમાં ભાઈશ્રી ઈશ્વરભાઈએ શ્રી સર્વેશ્વરીજી વિષે તેઓના પિતાજી ઉપર, કપૂરા લખેલ:–"......તમો જેવા માતાપિતાને ધન્ય છે. તમારે ખોળે કુળને ઉજ્જવળ કરનારું આવું મહામૂલું રત્ન પાક્યું. તેમણે માતાપિતા, ભાઈભાંડુ અને સમગ્ર કુટુમ્બને ઉજ્જવળ, કીર્તિમય અને ધન્યતાને પાત્ર બનાવ્યું. એમણે તો સમગ્ર કુટુમ્બની અને કપૂરા ગામની પ્રતિષ્ઠા વધારી છે. '**कुलं पवित्रं जननी कृतार्था वसुंधरा पुण्यवती च यया**'। તેમનાથી કુળ પવિત્ર બન્યું છે, જનની કૃતાર્થ થઈ છે અને પૃથ્વી પુણ્યશાળી બની છે. જેમ જેમ પ્રગતિ થતી જશે તેમ તેમ તેઓ સમાજમાં, દેશમાં અને વિશ્વમાં તેમની કીર્તિ ફેલાવશે.

ચિ. સર્વેશ્વરીના દાખલાથી સિદ્ધ થાય છે કે દીકરીઓ પણ કુળને દીપાવે છે. સમાજમાં દીકરા અને દીકરીઓ તરફનો ભેદભાવ સામાન્ય રીતે પ્રવર્તે છે, તેની સામે ચિ. સર્વેશ્વરીનો પ્રત્યક્ષ પૂરાવો છે કે આ ખોટું છે અને આ ભેદભાવો સમજવિનાના, ખોટા અને ચીલા ચાલુ જેવા છે..."

**પ. પૂ. શ્રી યોગેશ્વરજીની માંદગીમાં અથક સેવાચાકરી:**–તા. ૯–૧૧–૭૯ની વહેલી સવારે પ. પૂ. શ્રી યોગેશ્વરજીને



અચાનક છાતીમાં દર્દ શરૂ થયું. ઘરે દાક્તરને બોલાવી કાર્ડિયોગ્રામ લેવરાવ્યો અને વિવેકાનંદ હોસ્પીટલ ( અમદાવાદ )માં સારવાર માટે તેઓશ્રીને લઈ જવાનું નક્કી થયું.

હોસ્પીટલના ૨૯ દિવસ દરમિયાન અને હોસ્પીટલમાંથી છુટ્યા પછી ચારુલ ફ્લેટસ ( આંબાવાડી, અમદાવાદ ) માં સવા ત્રણ મહિના આરામ માટે રહેવાનું થયું. તે સમયગાળા દરમિયાન શ્રી સર્વેશ્વરીજીએ દિન રાત ખડે પગે પ પૂ. શ્રી યોગેશ્વરજીની સેવાચાકરી કરી. આ અથક સેવાચાકરીના, સ્થાનિક તથા બહારગામના મારા જેવા સેંકડો ચાહક–ભક્ત સાક્ષી છે. હોસ્પીટલના ત્રીજા માળના પ. પૂ. શ્રીના સ્પેશ્યલ રૂમમાંથી નીચે અને ચારુલ ફ્લેટસમાંથી બહાર–કુલ માત્ર ચાર વાર તેઓને ના છૂટકે પંદર પંદર મિનિટ માટે નીકળવાનું બનેલ, એ હકીકત અવિરત સેવાધારાનો સહજ ખ્યાલ આપે છે.

**જીવનમાં નવો વળાંક:**-શ્રી સર્વેશ્વરીજીની જિન્દગીમાં અહીંથી એક નવો વળાંક આવ્યો. તેઓએ સુરત રાજીનામું મોકલી આપ્યું તેઓ પરમ પૂ. શ્રીની સેવામાં લાગી ગયાં અને પોતાની જાતનું સર્વસમર્પણ કરી દીધું. સુરતની શિક્ષણસંસ્થાના ટ્રસ્ટીઓએ ત્રણ માસનો નોટિસ-પે જતો કર્યો એટલું જ નહિ પણ તેઓની સંસ્થા પ્રત્યેની નિષ્ઠાપૂર્વકની સેવાને બિરદાવી સમારંભ યોજી એક માનપત્ર આપવું એવો શુભ નિર્ણય લીધો.

નવેમ્બર-૭૯ની પ. પૂ. શ્રીની માંદગીના પહેલા દિવસથીજ શ્રી સર્વેશ્વરીજી એમના સર્વસમર્પણ તેમ જ સેવાભાવને લીધે તેઓશ્રીની સાથે જ છે. અમદાવાદ અને વડોદરાના સાધકવર્તુલોમાં તેઓ અતિ ઉચ્ચ આદર પામ્યાં છે. અમદા-

વાદ પછીના ૯૦ દિવસના દિવ્ય સત્સંગનો લાભ વડોદરાની જનતાને મળેલ

શ્રી શૈલમની તળેટીમાં આવેલ ડોર્નાલ ગામે પ. પૂ. શ્રી એ ઉચ્ચારેલ ભવિષ્યવાણી સાચી પડી છે. શ્રી સર્વેશ્વરીજીએ રાજીનામું આપી દીધું છે અને આજે હજારો માણસો તેઓને વંદન કરી રહ્યાં છે.

પ. પૂ શ્રી. યોગેશ્વરજીની સેવાના પરિણામસ્વરૂપ તેઓ એમનું સાન્નિધ્ય પામ્યાં છે. આ સદ્‌ભાગ્ય વિરલ છે. આ સાન્નિધ્યમાં રહીને તેઓ સતત્ તપ અને સાધના કરી રહ્યાં છે. સાથે સાથે માનવજાતના કલ્યાણની જે ભાવનાઓ એમના દિલમાં ઊઠી રહી છે, તેને ચરિતાર્થ કરવા પણ તેઓ અખંડ અવિરત પુરુષાર્થ કરી રહ્યાં છે.

**અન્ય માટે પ્રેરણા સ્રોતઃ**-શ્રી સર્વેશ્વરીજીએ પ્રાપ્ત કરેલ મહામૂલી આધ્યાત્મિક અનુભૂતિઓ આજે સેંકડો સાધકોની પ્રેરણા બની રહી છે. તેઓના સંપર્કમાં આવતાં, છલકાઇને વહી આવતી ચૈતન્ય લહેરીઓ સાધકમાં સંક્રાન્ત થઈને, ઊંડાં સંવેદન જગાડી રહે છે અને તેને 'સ્વ' ના બોધ તરફ પ્રેરે છે. તેઓએ સાધના ક્ષેત્રે દિવ્ય અનુભૂતિઓ પ્રાપ્ત કરી છે. ભક્તિ, જ્ઞાન અને ધ્યાનયોગનો સમન્વય તેમની સાધનામાં ત્રિવેણી સંગમરૂપે રહેલો છે. સારી એવી તપસાધના અને અનુભૂતિઓ છતાં તેઓ હળવાં ફૂલ છે. તેઓ ગમત કરે છે, આનંદ પમાડે છે. જીવરાપણું તેઓની વિશિષ્ટ મૂડી છે.

**તપસ્યા પ્રેમી શ્રી સર્વેશ્વરીજીઃ**-તપસ્યા પ્રેમી શ્રી સર્વેશ્વરીજીને ઓળખવાનું કામ અતિશય કઠિન છે. જીવનમુક્ત પદને પામેલ કોઈ સિદ્ધ આત્મા સ્વેચ્છાએ શરીર ધારણ કરીને



સંસારના લોકોને મદદરૂપ થવા આ પૃથ્વી ઉપર અવતરિત થયો હોય એવો ભાવ એમને જોતાં જાગે છે.

સંતો-સાધ્વીઓ તથા પવિત્ર શ્રીપુરુષોનો જીવનમાં પરિચય અને અનુભવ થયો હોય તેમાં, ઉચ્ચ ગુણવત્તા અને આધ્યાત્મિક ઊંચાઈની દૃષ્ટિએ શ્રી સર્વેશ્વરીજીનું સ્થાન ઘણું ઊંચું હોવાનો ભાવ, પ્રેમી-ચાહક સાધકભક્તના હૃદયમાં આપોઆપ જાગે છે, આમ છતાં ઉચ્ચ સંસ્કારપ્રાપ્તિ સાધકો જ તેઓને યથાર્થ સ્વરૂપે ઓળખી, તેઓનો લાભ પામી શકે એમને સાચા સ્વરૂપમાં ઓળખવાની શ્રદ્ધા ને ભાવ બધા સાધકોમાં ક્યાંથી હોય ?

**સર્વ સમર્પિત તપસ્વિનીઃ**-શ્રી સર્વેશ્વરીજી સ્વભાવે સરળ પ્રેમાળ ને રમુજી છે છતાં નિયમપાલનમાં ચુસ્ત ને શિસ્તનાં ભારે આગ્રહી છે.

તપ અને સમર્પણ એ એમના સાધના જીવનની મુખ્ય પાંખો છે. એમનું સમર્પણ અનોખું છે. ખૂબ સમજપૂર્વકના તેમના સમગ્ર વ્યવહારનું કેન્દ્ર બિન્દુ છે શ્રી. યોગેશ્વરજી. તેઓની પોતાની વ્યક્તિગત ઇચ્છા રાખી જ નથી. પૂ. ગુરુદેવની ઇચ્છામાં એમણે પોતાની સર્વ ઇચ્છાઓ ઓગાળી નાંખી છે. જાણે કે એમનું અસ્તિત્વ એમની છાયારૂપ ન હોય !

પૂ. શ્રી સર્વેશ્વરીજીની સાધનાનો પાયો ભાવ છે. અને એ ભાવ ઘનિષ્ઠ બનતાં ભજનોની સ્વયંભૂ સ્ફુરણા ને સુરીલા-કંઠે એનું ગૂંજન સાંભળનારને મંત્ર મુગ્ધ કરે તેવું હોય છે. જ્યારે પણ તેઓ ભાવપૂર્ણ કંઠે ભજન ગાતાં હોય ત્યારે એમાં એવા તો તલ્લીન બની જાય છે કે ન પૂછો વાત. મેં તેઓને આવી અવસ્થામાં ઘણીવાર જોયાં છે. એમને આમ

જોવાં એ પણ એક લહાવો છે.

શારીરિક વય નાનું હોવા છતાં, વયમાં ગમે તેટલા મોટા માણસો પણ એમના સાન્નિધ્યમાં સહજરીતે અનુભવાતી વત્સલતાને લીધે એમને 'મા' સંબોધન કરતાં માનસિક સંકોચ કે ખચકાટ અનુભવતા નથી. એવી સાહજિક છે એમની પ્રભાવ-શીલતા ને માતૃવત્સલતા ! પ. પૂ. યોગેશ્વરજી સાથેનું તેઓ-નું મિલન એ એક ઈશ્વરનિર્મિત ઘટના છે. એનાથી સમગ્ર દેશ અને દુનિયાને આધ્યાત્મિકતાની અનોખી રસ લહાણ થશે એ નિશ્ચિત છે.

( સંપૂર્ણ )

### શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી

લૌકિક પારલૌકિક વાસનામાંથી મુક્ત ન થવાય ત્યાં સુધી જન્મ લેવો જ પડે છે. આથી નિર્વાસનિક બનવાની કોશિષ કરવી. પરમાત્મા સિવાય કોઈની પણ સાથે પ્રિતિ-રાગ મમ-ત્વની ગાંઠે ન બંધાવું. પરમાત્માની સાથે જ આશક્તિ કરવી. દ્વેષ તો કોઈનો પણ ન કરવો. પરમાત્માની સાથેનો રાગજ કલ્યાણકારક બને છે.

આ જન્મના મન, બુદ્ધિ, અને ઇન્દ્રિયોના સંસ્કારો બીજા જન્મમાં પણ માણસનો સાથ કરે છે. આ જન્મનો વિકાસ શુભાશુભ કર્મો મિથ્યા થતા નથી. વિકાસ નવા જન્મ-માં આગળ ચાલે, વળી નવી કડીઓ ઉમેરાય અને પૂર્ણતાની આખી શ્રંખલા તૈયાર થાય તો જીવનનું કલ્યાણ થઈ શકે આમ જ ધ્રુવ, પ્રહલાદ, જ્ઞાનેશ્વર જેવા સંતોને નાની ઉંમરમાં જ પ્રભુની પ્રાપ્તિ થઈ હતી.



# શ્રી પરમહંસદેવનો અનોખો ભક્ત ડૉ. શ્રી. રામચંદ્ર

નારાયણ હ. જાની

શ્રી રામકૃષ્ણ પરમહંસને પ્રતીતિ થઈ ગયેલી કે પોતાના યુગકાર્યમાં બ્રહ્મો સમાજવાળાઓ ખાસ ઉપયોગી નહિ થઈ શકે એનું મુખ્ય કારણ એ હતું કે તેના અનુયાયીઓએ જે પૂર્વશરત સ્વીકારવાની હોય છે, તેના કારણે તેમનાં મન અને જીવન કોઈપણ પ્રકારના ઉદ્દામ પરિવર્તનને ગ્રહણ કરવાની ક્ષમતા ગુમાવી દેતાં હોય છે.

બ્રહ્મો સમાજીઓ ચુસ્તપણે માને છે કે ઈશ્વર નિરાકાર છે. તેનું કોઈ સાકાર સ્વરૂપ હોતું નથી. એટલે નિરાકાર ઈશ્વરમાં માનનારાઓને જ એમાં પ્રવેશ મળતો. જ્યારે શ્રી રામકૃષ્ણ પરમહંસ કહેતા કે " ભાઈઓ તમારે ઈશ્વરની શક્તિ અંગે કોઈ મર્યાદાઓ શા માટે નક્કી કરવી જોઈએ ? ઈશ્વર સાકાર પણ હોઈ શકે ને નિરાકાર પણ. " પરંતુ તેઓના ગળે આ વાત ઊતરતી નહિ.

પરંતુ બ્રહ્મો સાથેના સંબંધ તેમ જ પરિચયોના પરિણામે શ્રી રામકૃષ્ણ પરમહંસને એવી પ્રબળ ઝંખના થતી કે એમને એવા સંપૂર્ણ ત્યાગની ભાવનાવાળા ને એમના ઉપદેશોનું અક્ષરશઃ શંકા વિના પાલન કરનારા થોડા યુવાન શિષ્યો પ્રાપ્ત થાય. આ સંબંધે તેઓ કહેતા કે પોપટને ગળે કાંઠલો નીકળ્યા પછી એને નવું શીખવી શકાતું નથી, એમ મોટી

ઉમ્મરના માણસોને પણ સાચી આધ્યાત્મિકતા શીખવવી અઘરી થઈ પડે છે.

પાછળથી પોતાની તે વખતની માનસિક ઝંખના વિષે વાત કરતાં તેઓ કહેતા કે તેની ઉત્કટતાને કોઈ સીમા ન હતી. દિવસ દરમ્યાન તો મારી આ ઝંખનાને હું જેમ તેમ કરી કાબૂમાં રાખતો, જો કે દુન્યવી વૃત્તિઓવાળા માણસો સાથે વાતો કરવાથી મને વ્યથા તો થતી. પરંતુ રાત્રે મારી ઝંખના ખૂબ ઉત્કટ બની જતી. હું ઝંખતો કે મારા પ્રિય શિષ્યો મારી પાસે ક્યારે આવે ને હું તેઓને ખાસ અધ્યાત્મિક અનુભવોની ખુલ્લા દિલે ને મોકળા મને લહાણ કરું ! એનાથી મને કેટલી બધી રાહત થશે ? એના જ વિચારો મારા મનમાં ઊભરાતા. હું બીજી કોઈ વાત ઉપર ધ્યાન જ આપી શકતો નહિ. મનમાં હું ગોઠવતો કે જ્યારે આવા શિષ્યો આવશે ત્યારે હું એકને શું કહીશ ને બીજાને શું આપીશ ! પરંતુ સાંજ થતાં મારી લાગણીઓ પરનો બંધ તૂટી જતો ને મને એ વિચારે ભારે વ્યથા થતી કે આજનો દિવસેય પસાર થઈ ગયો, પણ હજુ તેઓ ના આવ્યા ! સંધ્યાની આરતીનો ઘંટારવ ને શંખનાદ થતો ત્યારે તો હું કોઠીના છાપરા ઉપર ચઢી જઈ જોરથી બૂમો પાડી ઉઠતો “ વહાલા બાળકો, તમો જલદી આવો ! તમે ક્યાં છો ? હું તમારા વગર હવે જીવી શકું એમ નથી ? મારી આ સમયની માનસિક યાતના, એક મા પોતાના પુત્રને જોવા ઝંખતી હોય, કે મિત્ર મિત્રને તેમ જ પ્રિયા પોતાના પ્રિયતમને, તેનાથીય વધુ ઉત્કટ હતી. શબ્દોમાં એનું વર્ણન શી રીતે થઇ શકે ? પરંતુ આ પછી આખરે તેઓ આવવા લાગ્યા ! જાણે કે જગદંબાએ મારી પ્રબળ ઝંખનાના પ્રત્યુત્તરરૂપે એક પછી એક તેઓને મારી પાસે ખેંચી આણ્યા. ”



જો કે એ વાત સાચી કે બ્રહ્મો સમાજ કેટલાક ત્યાગી તેમ જ કેટલાક ગૃહસ્થી શિષ્યોને શ્રી રામકૃષ્ણ દેવ પાસે ખેંચી લાવવામાં નિમિત્તરૂપ બન્યો. શ્રી રામકૃષ્ણ પરમહંસની મહત્તાની વાતોનું શ્રી કેશવચંદ્ર સેન દ્વારા થતું સતત આલેખન કેટલાક લોકોએ વાંચવાથી તેમની પ્રત્યે આકર્ષાયા, જ્યારે બીજા કેટલાક લોકોની અપેક્ષાઓ બ્રહ્મોસમાજ સંતોષી શકેલ નહિ તેથી શ્રી રામકૃષ્ણ દેવ પાસે નવી આધ્યાત્મિક ચેતનાની પ્રાપ્તિની ઇચ્છાથી તેઓ આવવા લાગ્યા.

શ્રી. રામચંદ્ર દત્તે ને એમના ભાણેજ શ્રી મનમોહન મિત્રેથી રામકૃષ્ણ પરમહંસ વિષે શ્રી કેશવચંદ્ર સેનના અખબાર “ સુલભ સમાચાર ” માં વાંચેલું. શ્રીરામચંદ્ર દત્ત પોતે વ્યવસાયે ડોકટર હતા અને કલકત્તાની મેડિકલ કોલેજમાં નોકરી કરતા હતા. જ્યારે શ્રી મનમોહન મિત્ર વેપારી હતા આ બન્ને નિરીશ્વરવાદી હતા અને બન્નેનું વલણ સંપૂર્ણ નાસ્તિકવાદીનું હતું, પરંતુ ઈશ્વરમાંની આ અશ્રદ્ધાના પરિણામે તેઓ ખૂબ બેચેન રહેતા; ને એમાંથી એમને કોઈ પ્રકારનો આત્મસંતોષ ન મળતાં તેઓમાં શ્રદ્ધાની ઉણપને લીધે એક પ્રકારની બૌદ્ધિક જિજ્ઞાસા રહ્યા કરતી. આથી તેઓ બન્નેએ શ્રી. કેશવચંદ્ર સેને આલેખેલ સંત કેવા છે, તે પ્રત્યક્ષ જોવા દક્ષિણેશ્વર જવાનો નિશ્ચય કર્યો. સને ૧૮૭૯ના અંત ભાગમાં આ બન્યું.

બન્ને દક્ષિણેશ્વર આવી પહોંચ્યા. એમણે તો કોઈ અસામાન્ય સાધુ જેવા લાગતા માણસને મળવાની આશા રાખી હતી ! પરંતુ એઓ જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે એક તદ્દન સાદા કપડાં પહેરેલા ને નિરાશા પમાડે તેટલી હદે સાવ સામાન્ય

માણસે દરવાજો ઉઘાડ્યો. એના માથાના વાળ અસ્તવ્યસ્ત હતા; જ્યારે શરીર ઉપર કોઈ ભભૂતી ચોળેલી ન હતી. એમનો દેખાવ તેઓના સાધુઓ વિષેના પ્રચલિત ખ્યાલો સાથે જરાય બંધ બેસતો ન હતો. છતાં આ ખૂદ રામકૃષ્ણ પોતે જ હતા. જાણે એમની જ રાહ જોઈ રહ્યા હોય એ રીતે એમણે તેઓ બન્નેનો પ્રેમપૂર્વક સત્કાર કર્યો અને તરત જ એમને અનેક પ્રશ્નો પૂછી નાંખ્યા. શ્રી. રામચંદ્ર દત્તના વ્યવસાય વિષે સાંભળી એમણે તરત જ હૃદયને બૂમ મારી, કારણ કે તે વખતે હૃદયને તાવ આવતો હતો. 'અરે હૃદય અહીં આવ, આ ડોકટર આવ્યા છે. તારી નાડી તેમને જોવા દે.' શ્રી. રામકૃષ્ણદેવના આ પ્રકારના સરળ મૈત્રીપૂર્ણ વ્યવહારની બન્ને ઉપર ખૂબ અસર થઈ. તેઓ બન્નેને તેમની સાથે ખૂબ આત્મીયતા લાગવા માંડી, એથી આખી સાંજ તેઓ ત્યાં રોકાયા. પછી જ્યારે પાછા ફર્યા તે પહેલાં શ્રી. રામકૃષ્ણે તેઓને પોતાના હાથે મીઠાઈ ખવડાવી ને ફરી પાછા આવવા આગ્રહ કર્યો.

શ્રીરામચંદ્ર ને મનમોહન બન્ને સારી એવી આંતર પ્રેરણા ધરાવતા માણસો હતા, એટલે આ પહેલી મુલાકાતથી એમને ખાત્રી થઈ ગઈ કે તેઓએ ખૂબ આધ્યાત્મિક ઉચ્ચતા ધરાવતી વ્યક્તિનું સાન્નિધ્ય માણ્યું છે. ધીમા છતાં ખૂબ વિપુલ પ્રમાણમાં તેમના જીવનમાં તેમ જ વિચારોમાં આ પછી પરિવર્તન આવવા લાગ્યું; ને દુન્યવી બાબતોમાંથી એમનું મન ઉપરામ થઈ ગયું. એમનામાં આવેલું આવું પરિવર્તન જોઈ એમનાં સગાંઓને ભય લાગવા માંડ્યો; કે રખે તેઓ સંસારનો ત્યાગ કરે! આથી એક દિવસ મનમોહન જ્યારે દક્ષિણેશ્વર શ્રીરામકૃષ્ણદેવ પાસે જવા નીકળતા હતા ત્યારે તેના મામીએ તેને ત્યાં નહિ જવા સમજાવ્યા. પરંતુ તેણે તેમની



સલાહ અવગણી અને રામચંદ્ર સાથે નીકળી પડ્યા.

તેઓ જ્યારે દક્ષિણેશ્વર પહોંચ્યા તો શ્રીરામકૃષ્ણ દેવને એક પલંગ પર ખિન્ન વદને બેઠેલા જોયા. આ ખિન્નતાનું કારણ પૂછતાં, શ્રીરામકૃષ્ણે કહ્યું કે મારા એક ભક્તને અહીં આવવું ગમે છે, પરંતુ તેનાં મામીને તે ગમતું નથી. એટલે એને અહીં આવતા રોકવા પ્રયત્ન કરે છે. એમનું કહ્યું માનીને તે અહીં આવવાનું બંધ કરી દેશે કે શું એ વિચારે મને દુઃખ થાય છે."

શ્રીરામચંદ્ર ને મનમોહન બન્ને શ્રીરામકૃષ્ણ દેવની આ પ્રકારની સંજયદષ્ટિની શકિત જોઈ ભારે આશ્ચર્ય પામ્યા! આ પછી થોડા દિવસો કેડે મનમોહનની પત્નીએ તેના દક્ષિણેશ્વરની મુલાકાત લેવા સંબંધે વાંધો ઉઠાવ્યો. ત્યારે પણ રામકૃષ્ણદેવ એમ જ વર્ત્યા ને એવા જ શબ્દો બોલેલા! પોતાના પ્રિયભક્તોનું દુન્યવી કારણોસર કોઈ પણ પ્રકારે આત્મિક કલ્યાણ થતું અટકી જાય, એની શ્રીરામકૃષ્ણદેવ કેટલી બધી ચિન્તા રાખતા. એના ઘણાં અદ્ભુત ઉદાહરણોમાંનું આ એક છે.

એકવાર શ્રીરામચંદ્રે શ્રીરામકૃષ્ણદેવને પૂછ્યું શું ઈશ્વર ખરેખર અસ્તિત્વ ધરાવે છે? તુરત શ્રી પરમહંસદેવે જવાબ આપ્યો. "બેશક, તેનું અસ્તિત્વ છે જ" પછી ઉમેર્યું "દિવસે તમે આકાશમાં તારાઓ જોઈ શકતા નથી; એનો અર્થ એવો નથી કે તેઓનું અસ્તિત્વ જ નથી. એવું જ માખણનું છે. દૂધમાં તમને તે ઉપલક દૃષ્ટિથી ક્યાં દેખાય છે? પણ કેવલ આવી દૃષ્ટિથી તમે એવું અનુમાન ને તારણ શી રીતે કરી શકો? માખણ મેળવવા માટે જેમ દૂધને ઠંડામાં રાખી અગર દહીં કરી વલોવવું પડે છે, તેમ ઈશ્વરનું દર્શન કરવા માટે તમારે

કેટલીક માનસિક શિસ્ત પાળવી જરૂરી છે કેવળ માત્ર ઇચ્છા કરવાથી એને થોડા જ જોઈ શકાય છે?"

શ્રીરામચંદ્રનો જન્મ વૈષ્ણવ કુટુંબમાં થયો હતો એટલે શ્રીચૈતન્ય મહાપ્રભુના જીવનથી તે સ્વાભાવિક રીતે જ પરિચિત હતો.

એક સાંજે એવું બન્યું કે દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણ પાસે તેમના ઓરડામાં તે એકલો જ હતો. શ્રીરામચંદ્રને પોતાની સામે જોઈ રહેલ જોઈ શ્રીરામકૃષ્ણ દેવે એકાએક પૂછ્યું, "તું શું જોઇ રહ્યો છે?" શ્રીરામચંદ્રે જવાબ આપ્યો "હું આપને જોઈ રહ્યો છું."

"કેમ? હું તને કેવો લાગું છું?" તેઓએ સામો પ્રશ્ન કર્યો. શ્રીરામચંદ્રે તુરત જ કહ્યું, "મને આપમાં શ્રીચૈતન્ય મહાપ્રભુનું દર્શન થાય છે."

થોડી ક્ષણો માટે શાન્તિ છવાઇ ગઈ. પછી શ્રીરામકૃષ્ણે ધીમેથી કહ્યું, "બરાબર છે. શ્રી બ્રાહ્મણી ભૈરવી પણ એમજ કહેતાં હતાં."

આવા સમયે શ્રીરામચંદ્રમાં પૂર્ણ શ્રદ્ધાનું દર્શન થતું, પરંતુ વળી પાછી તેને શંકાઓ થવા માંડતી. "શું રામકૃષ્ણદેવને ઈશ્વરની અનુભૂતિ ખરેખર થઈ હશે કે પછી તેઓ કેવળ અસાધારણ માનસિક શક્તિ જ ધરાવતી વ્યક્તિ માત્ર છે? આનો નિર્ણય એનું મન કરી શકતું નહિ.

એક રાતે શ્રી રામકૃષ્ણદેવે શ્રી રામચંદ્રને સ્વપ્નમાં મંત્ર દીક્ષા આપી અને દિવસ દરમ્યાન કેટલોક સમય તે જપવાની



સૂચનાય કરી. બીજી જ સવારે આ સમાચાર આપવા તે ઉતાવળા દક્ષિણેશ્વર પહોંચી ગયા. શ્રી રામકૃષ્ણદેવે એને એ ઉત્તમ આશીર્વાદરૂપ અનુભવ હોવાનું જણાવ્યું. પરંતુ શ્રી રામકૃષ્ણથી તે જેવા જુદા પડ્યા કે તેને થયું, ગમે તેમ પણ સ્વપ્નું એ તો માત્ર સ્વપ્નું જ! એનાથી શો લાભ?"

થોડા દિવસો કેડે, કલકત્તાની મધ્યમાં આવેલ કોલેજ સ્કવેરમાં તે એક મિત્ર સાથે વાતચીત કરતા હતા. વાતચીતનો વિષય હતો પોતાની શ્રી રામકૃષ્ણદેવ વિષેની શંકાઓ. ત્યાં અચાનક તેઓનું ધ્યાન તેમની પાસે ઊભેલા એક કાળી ચામડીવાળા માણસ તરફ ખેંચાયું. તેણે કહ્યું, "તમે આટલા બધા ઉતાવળા ને ઉત્સુક શા માટે થાઓ છો? થોડી ધીરજ રાખો." આટલું કહી તે બીજી જ ક્ષણે ત્યાંથી અદૃશ્ય થઈ ગયો! નવાઇની વાત તો એ હતી કે બન્નેએ તેને જોયો હતો! પરંતુ પછી તેનો પત્તો ન મળ્યો. શ્રી રામકૃષ્ણને જ્યારે આ વિષે કહેવામાં આવ્યું ત્યારે તેઓએ કહ્યું "સાચું છે. હજુ તો બીજા ઘણા આવા ચમત્કારો તમે જોશો."

આમ છતાં શ્રી રામચંદ્ર પોતાની શંકાઓ વિષે મક્કમ હતા; અને જેમ જેમ તે વધુ શંકાશીલ બનતા ગયા તેમ તેમ તેને આસપાસની દુનિયા ને પોતાના જીવન પ્રત્યે અભાવ ઉત્પન્ન થવા લાગ્યો આખરે તે સહાય માટે જ્યારે દક્ષિણેશ્વર પાછા ફર્યા ત્યારે શ્રી રામકૃષ્ણે તેને વિસ્મય પમાડતાં, ને અધીરાઈથી જાણે નાહિમ્મત કરી દેતાં કહ્યું, "હું એમાં શું કરી, શકું? એ બધું તો ભગવાનની ઇચ્છા ઉપર આધાર રાખે છે." પરંતુ શ્રી રામચંદ્રે ગદ્ગદ કંઠે કહ્યું, "પ્રભુ, હું તો આપને શરણે આવેલો છું. જો આપ મારા ઉપર કૃપા

નહિ કરો તો મારું શુ થશે ? " શ્રી રામકૃષ્ણદેવ દેખીતી બેપરવાઈ પૂર્વક કહ્યું, " તારી ઇચ્છા થતી હોય તો અહીં આવી શકે છે. "

શ્રી. રામકૃષ્ણદેવની આ ઉપેક્ષાપૂર્ણ વર્તનની જાણે કે રામચંદ્રને ખરેખર જરૂરત હતી. તે શ્રી રામકૃષ્ણના ઓરડામાંથી બહાર નીકળી આવ્યા અને ગંગામાં પડી આપઘાત કરવાનો તેણે નિર્ણય કર્યો. પરંતુ થોડું વિચારતાં એને ભાન થયું કે એણે પોતે આ બાબતમાં ગંભીરતાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. એમ વિચારી, શ્રી રામકૃષ્ણદેવના ઓરડાની ઉત્તર તરફની ઓસરીમાં તે આડા પડ્યા એટલું જ નહિ, પરંતુ તેઓએ સ્વપ્નમાં આપેલ દીક્ષાનો મંત્ર જપવા લાગ્યા. આમ કેટલોક સમય પસાર થઈ ગયો. અર્ધી રાત થઈ હશે ત્યારે શ્રી રામકૃષ્ણદેવ દરવાજો ઉઘાડી બહાર આવ્યા અને કહ્યું, " ભગવાનના ભક્તોની તું સેવા કર અને જા તને શાન્તિ મળશે." આટલું કહીને શ્રી. રામકૃષ્ણદેવ પોતાના ઓરડામાં પાછા ચાલી ગયા.

શ્રી. રામચંદ્ર સ્વભાવે કંજુસ હતો એથી શ્રી. રામકૃષ્ણદેવના ભક્તોની સેવા કરવાની સલાહ તેને પસંદ ન પડે તે સ્વાભાવિક હતું. કારણ કે જો એ સલાહ પ્રમાણે વર્તવા જાય તો એને ઘણા પૈસા ખર્ચવા પડે, જે એને ન ગમે. એટલે શરૂમાં તો એણે આ સલાહની અવગણના કરી. ને કંઈ કર્યું નહિ. પરંતુ થોડા દિવસો પછી આના અનુસંધાનમાં શ્રી. રામકૃષ્ણે થોડા ભક્તો સાથે રામચંદ્રને ત્યાં જવાનો દિવસ નક્કી કર્યો. હવે રામચંદ્ર માટે તેમના ભોજનની વ્યવસ્થા કર્યા સિવાય છૂટકો ન હતો. એથી એણે એ પ્રમાણે કર્યું તે પછી જ તેને સમજાવા લાગ્યું કે શ્રી રામકૃષ્ણે એમ કરીને



એના ઉપર કેટલી મોટી કૃપા કરી હતી ! સેવા કરવાની કેવી ઉમદા તક તેને પૂરી પાડી હતી !

આ મુલાકાત પછીના બીજા જ દિવસે સાંજે તેઓ શ્રી રામકૃષ્ણદેવ પાસે દક્ષિણેશ્વર ગયા. તેઓએ તેને ખૂબ પ્રેમપૂર્વક આવકાર્યો ને તેની સાથે રાતે દસ વાગ્ય સુધી વાતો કરી. તે પછી તે વરંડામાં ઊભા હતા. રાત ખરેખર ખૂબ અંધારી હતી. એણે બીજા દિવસની રજા લીધી હતી, એટલે થોડી નિરાંત હતી. વરંડામાં તે ઊભો હતો તે તરફ શ્રી. રામકૃષ્ણને તેણે અચાનક આવતા જોયા. પાસે આવીને શ્રીરામકૃષ્ણે પૂછ્યું " બોલ, તારે શું જોઈએ છે ? " રામચંદ્રને તુરતજ લાગ્યું કે અત્યારે તેની સમક્ષ જે વ્યક્તિ ઊભી છે, તે મનુષ્ય કરતાં વિશેષ શકિત ધરાવે છે, એટલું જ નહિ પરંતુ પોતે જે કાંઇ માગશે તે આપવા તે પૂર્ણ સમર્થ છે. "

આ સાંભળી તેનો કંઠ લાગણીથી ગદ્દગદ્દ બની ગયો. તેણે કહ્યું, " પ્રભુ, શું માગવું તેની મને ખબર નથી. આપ જ તે નક્કી કરી દો " આ સાંભળાં જ શ્રીરામકૃષ્ણે પોતાનો હાથ લાંબો કરીને તેની સામે ધર્યો ને કહ્યું, " મેં તને સ્વપ્નમાં જે મંત્રની દીક્ષા આપેલી તે મને પાછો આપી દે. " આટલું બોલતામાં જ તેમને સમાધિ થઈ ગઇ ! રામચંદ્ર તેમના ચરણોમાં પડી ગયો ને તેઓએ આપેલ મંત્ર જપવા માંડ્યો. શ્રીરામકૃષ્ણે તેના મસ્તક ઉપર જમણા પગના અંગૂઠાનો સ્પર્શ કર્યો. આ અવસ્થામાં ખાસ્સો સમય પસાર થઈ ગયો. પછી રામકૃષ્ણે પોતાનો પગ મસ્તક પરથી હઠાવી લીધો ને રામચંદ્ર ઊભો થયો.

શ્રીરામકૃષ્ણ દેવે પછી પૂછ્યું " તારે જો કાંઈ દર્શન કરવું

હોય તો મારી સામે જો." અને ખરેખર રામચંદ્રે તેમના તરફ જોયું તો ઇશ્વરના જે સાકાર સ્વરૂપની એ રોજ પૂજા કરતો હતો. ને જે સ્વરૂપ એને ખૂબ વહાલું હતું. તે સ્વરૂપનું જ શ્રીરામકૃષ્ણદેવમાં એને દર્શન થયું! આ દર્શનથી એને આનંદ આનંદ થઈ ગયો ત્યાં તો શ્રીરામકૃષ્ણે એને કહ્યું, "જા હવે તારે કોઇ વધુ જપતપ કરવાની જરૂર નથી. તું ફક્ત અહીં આવતો જતો રહેજે અને જ્યારે પણ આવે ત્યારે કંઈ નાની સરખી પણ ભેટ લેતો આવજે, એટલું તારે માટે પૂરતું છે."

તે દિવસથી રામચંદ્ર રામકૃષ્ણદેવનો અનન્ય ભક્ત બની ગયો; એટલું જ નહિ પરંતુ એમની અને એમના ભક્તોની જરૂરિયાતો પૂરી કરવા માટે ઉદાર હાથે ખર્ચ કરતો થઈ ગયો. શ્રીરામકૃષ્ણે શ્રીરામચંદ્ર ઉપર કેવી અદ્‌ભુત કૃપા કરી!

(શ્રીક્રિસ્ટોફર ઈશરવુડના આધારે)

## સેવાધર્મનો મહિમા

મનુષ્યને પોતાના ઘરમાં રહેવાનો હક ત્યાં સુધી નથી પ્રાપ્ત થતો, જ્યાં સુધી તે ગરીબને માટે પણ ઘરમાં જગ્યા ના રાખે. ગૃહસ્થાશ્રમીનું ઘર ગરીબ તથા અસહાય અને આશ્રયહીનને માટે હમેશાં ઉઘાડું રહેવું જોઈએ. તો જ તેને સાચો ગૃહસ્થાશ્રમી કહી શકાય. ઘરનો ઉપયોગ જો તે પોતાના ને પોતાની સ્ત્રીના આનંદપ્રમોદને માટે કરે, તો તે કદી પણ ઈશ્વરનો પ્યારો નહિ બની શકે.

**સ્વામી વિવેકાનંદ**



# તું તારો ડોકટર થા. (ગતાંકથી ચાલુ)

શ્રી બચુભાઈ છોટાઈ.

**રોગ શરીરમાં થાય છે-તે શરીર મટાડે પણ છે.** મંદવાડ આવ્યો, ગંદવાડ કાઢવા. જેવી રીતે મશીનમાં ક્યાંક કચરો ભેગો થાય છે, ત્યારે મશીન બંધ થાય છે. તેવી રીતે આપણા શરીરમાં પણ એવી વ્યવસ્થા કુદરતે રાખી છે. કચરો નીકળે તેને રોકવો નહિ. જો રોકાય તો નવા નવા રૂપે નવા નવા સ્થળે તે બહાર નીકળશે. તેના અનેક નામો હોઈ શકે છે. આ બધું જે શરીરમાં થાય છે તે એક અવસ્થા છે. તે જ શરીર આ અવસ્થાને બદલે પણ છે. દમ, સંધિવા, કેન્સર, અલસર, ડાયાબિટીઝ, ગેસ, તાવ, ઝાડા, શરદી જાડું પાતળું શરીર આ એક શરીરમાં થતા ચિહ્નો છે, તેની અવસ્થા જુદી જુદી હોય છે. મૂળમાં અતિઆહાર, શ્રમનો, સંયમનો અભાવ, ચિંતા, ભય આવાં અનેક કારણો હોય છે અને તેથી લોહી બગડે છે, લોહી ઘટે જીવાત પેદા થાય, વગેરે વગેરે ચિહ્નોની તપાસ કરવાથી ખબર પડે છે. પણ તેથી કંઇ રોગો મટતા નથી. આવા અનેક પ્રકારના રોગોથી પીડાતા હજારો રોગીઓનો ઉપચાર માત્ર પથ્ય ખોરાક, માટી, પાણી, સૂર્ય, મેગનેટ, સ્ટીમબાથ, યોગાસન, સંયમ, પ્રાર્થના, ઘઉંના જવારા વગેરેથી સારવાર કરી એક મહિનામાં નવું જીવન મેળવતા અને ઘરે જઈ ને પોતાના કુટુંબને ઉપયોગી થતા મેં જોયા છે.

**તમારો આહાર એજ દવાઃ**–"પાણી ખાવ, રોટલો પીઓ" આ નિયમનું પાલન કરી જુઓ, પછી કહો. ચાળીસ વર્ષમાં, હજારો રોગીઓ દરવર્ષે ઉપચાર કરાવતા તેમનો અનુભવ છે. ચાળીસ વર્ષ પછી ડો. વિગમોર સાથે દોઢ વર્ષ-

માં બે ત્રણ હજાર દરદીઓની સારવારનું પરિણામ માત્ર એક મહિનામાં મેં જોયું છે. રોતા આવતા દરદીઓ હસતા જાય છે, ચાલી ન શકતા સ્ટ્રેચરમાં લાવવામાં આવતા તેઓ ચાલીને જાય છે. પાણી ટકે નહિ. ખાવાનું મન થાય નહિ, ઊંઘ આવે નહિ, શરીરે સોજા, બળતરા, દુખાવો અને અનેક જાતની પીડાથી એક જ મહિનામાં, દવા વગર, ગોળી વગર, ઇંજેકશન નહિ, ઓપરેશન નહિ, માત્ર આહારથી જ. કેન્સરમાં થતી પીડા, બળતરા, સંધિવાના દરદીઓને થતો સોજાનો દુખાવો, અલસરમાં થતી બળતરા અને વેદના વગેરે, હૃદયરોગના દરદીની નબળાઈ અને દમના હુમલા વખતે રોગીની હાલત જોઈ ભલભલા બળવાનનું પણ હૃદય દ્રવી ઊઠે છે. ને તેમના માટે ઈશ્વરને પ્રાર્થના કરવા લાગે છે. આવાં દૃશ્યો ઉપરાંત જ્યારે એપીલેપ્સી, ફીટના દરદીની બેહોશી જોઈને ગભરાઈ જવાય ત્યારે તેને કોણ બચાવે છે ? વર્ષો સુધી દવા લીધી હોય શરીરથી, મનથી અને ધનથી ખુવાર થયા હોય, તેવા માટે બધા આખરે કહે છે (ડોકટરો અને સર્જનો પણ કહે છે) કે હવે કુદરત મદદ કરે તો બચે ! ત્યારે કુદરત એટલે શું ? તે કેવી રીતે મદદ કરે છે, તે માટે આપણે થોડું વિચારીએ, સૌ પ્રથમ આપણો ખોરાક કેવો જોઇએ તે જોઈ એ.

**જ્યાં પાણી પેટમાં ટકતું નથી**:—શરીરની હાલત ઉપચાર કરવા છતાં એવી થાય છે કે પેટમાં પાણી પણ ટકતું નથી. અને છતાં શરીરમાં કંઈક છે, એવું દેખાય છે. જુદા જુદા ડોક્ટરોનો જુદો જુદો મત રોગ માટે થાય તે સ્વાભાવિક છે. જે વખતે જે સમજાય તે બતાવે. આવે વખતે શરીરમાંથી પાણી ઘટી ન જાય, લોહી જાડું ન થાય, શરીરમાં ગરમી વધી ન જાય તેની કાળજી ખાસ લેવાની જરૂર પડે છે. તેવી જ રીતે બીજી બાજુ શરીરની ગરમી ઓછી થઈ જાય, હાથપગ ઠંડા



પડી જાય, ન્યુમોનિયામાં વધારે પાણી ન પીવાય વગેરે વગેરે ચિહ્નોથી શું કરવું તે તે વખતે સમજાય નહિ.

કેટલીક વખત આપણે જોઈએ છીએ કે દરદી કંઇ જ લઈ શકતો નથી, ત્યારે કોઇ કંઈ બતાવે, જેની સમજ તે પ્રમાણે ખાવા માટે કહે, ખાધા વગર શક્તિ નહિ આવે એવું એવું લોકોને કહેતા સાંભળેલા છે. જ્યારે કંઇ જ લઈ ન શકાય ત્યારે કંઈ જ આપવું નહિ, તે સારું ગણાય. રોગીની હાલત જોઈને આપવું, જેથી ફાયદો ન થાય તો ભલે ન થાય પણ નુકશાન તો ન થવું જોઇએ, તેનું ખાસ ધ્યાન રાખવું.

( ક્રમશઃ )

હરિનામના ઉચ્ચારથી અનંત પાપરાશિનો ક્ષણમાં નાશ થાય છે. ઘાસ અને અગ્નિનો સંબંધ થતાં ઘાસ અગ્નિરૂપ થાય છે, તે પ્રમાણે નિરંતર જપ કરનાર હરિરૂપ થાય છે. હરિના નામનો ઉચ્ચાર એ અગાધ મંત્ર છે; તેના વડે ભૂતપિશાચની બાધા નાશ પામે છે. શ્રીજ્ઞાનદેવ કહે છે કે મારો હરિ એવો સમર્થ છે કે તેના યથાર્થ સ્વરૂપનો નિર્ણય કરવા ઉપનિષદ્ પણ અસમર્થ છે

**(શ્રીજ્ઞાનેશ્વર મહારાજના હરિપાઠમાંથી)**

# 'મથુરામાં ખોવાયેલી મોતીની માળા આણંદમાંથી મળી.'

શ્રી નરેન્દ્ર દેસાઈ.

'જલારામ બાપામાં મને અને મારા કુટુંબને ખૂબ શ્રદ્ધા. જીવનમાં આવતા નાના મોટા મુશ્કેલીના પ્રસંગોમાં સહજ રીતે એમની જ યાદ આવી જાય ને એમની મદદ માગવાનો સ્વભાવ થઈ ગયેલો.

આ એક સત્ય ઘટના છે ને એને લીધે પૂ. શ્રી. જલારામ બાપા પરની અમારી આસ્થા ખૂબ વધી ગઈ. એટલું જ નહિ પણ સંત મહાત્માઓ કેવી અદ્ભુત રીતે લીલા કરતા હોય છે, એનુંય દર્શન થયું.

૧૯૫૪ના માર્ચમાં મારી બદલી બાંદી–કુઇ થઈ. ત્યાં ૩૦ મી એપ્રિલે મારાં માતુશ્રીનું અવસાન થયું. એથી એમના બારમા તેરમાની વિધિ ને ક્રિયા–યમુના કિનારે મથુરામાં, સહકુટુંબ જઈ મેં કરાવી.

આ દિવસો દરમ્યાન મારા પત્નીના ગળામાં રહેતી સાચાં મોતીની માળા યમુનાજીમાં સ્નાન કરતાં નીકળી ગઈ કે ક્યાંય માર્ગમાં પડી ગઈ. મારાં પત્નીને એથી ભારે દુઃખ થયું.

એમને સહજ રીતે જલારામ બાપાની યાદ આવી ગઈ ને એમનાથી બોલાઈ ગયું, 'આપે તો નાકની નથને નાળિયેરમાંથી કાઢી આપી વીરપુરના દેવદાસ ભાભાના દીકરાની વહુની પત રાખેલી, તો મારી માળા શોધી આપવી આપને



મન સહેલ વાત છે.' પણ ખૂબ તપાસ કરવા છતાં ત્યાં માળા ન મળી પછી તો એક વર્ષ વીતી ગયું.

મારી બદલી તે પછી ભાવનગર થઈ ને મારો સૌથી નાનો પુત્ર આણંદમાં વલ્લભ વિદ્યાનગરમાં ભણતો હતો તે દિવાળીની રજાઓમાં ભાવનગર આવવા નીકળ્યો.

ત્યાં આણંદ સ્ટેશન પાસે પાથરણુ પાથરી માળાઓ ને કાનની બોટી બુટો વેચવાવાળો એક માણસ બેઠો હતો. બીજા બે ભાઈબંધો પણ મારા પુત્ર સાથે હતા. તેઓને થયું કે પોતપોતાની બહેનો સારું કાંઇ માળા જેવું લેતા જાય. ત્રણે જણાએ મોતીની માળાઓ પસંદ કરી, તેમાં મારા પુત્રે પણ એક મોતીની માળા લીધી. કિમ્મત પૂછતાં ત્રણ આના કહ્યા. એટલે તે આપી દીધા.

ઘરે આવી બહેન માટે મોતીની માળા લાવ્યો છું એમ કહી એણે તે બતાવી. જોતાં જ મારાં પત્નીને આશ્ચર્ય થયું કે આ તો મથુરામાં ખોવાયેલી મારી માળા જેવી જ છે! એમણે માળા હાથમાં લીધી ને માળાનાં મોતીમાંથી કાનના કાપ કરાવેલા તે મોતી સાથે સરખાવી ને સોનીને પણ બતાવી ખાત્રી કરી. તો આ એ જ સાચાં મોતીની માળા હતી.

અમારા આશ્ચર્યનો પાર રહ્યો નહિ!

મથુરામાં ખોવાયેલી એ માળા આણંદ કેવી રીતે આવી ને તે પાછી મારા પુત્રના હાથમાં! માનવું પડે કે કુદરતનાં કેટલાંક રહસ્ય બુદ્ધિ ઉકેલી શકે તેમ નથી.

# પ્રકાશના પંથે

**શ્રી યોગેશ્વરજી**

**સંક્ષેપ : શ્રી દીપક મહેતા**

લગ્નની પ્રથા માનવના જીવનમાં ઓછું મહત્ત્વ નથી ધરાવતી. જીવનની એક અનિવાર્ય આવશ્યક્તા તરીકે મોટી સંખ્યાના લોકો તેનો સ્વીકાર કરે છે ને તેના વિના જીવનમાં નીરસતા પણ અનુભવે છે. સરોડાનું નાનું સરખું ગામ પણ તેમાં અપવાદરૂપ ન હતું, એટલે મારા અભ્યાસકાળ દરમ્યાન મારા કુટુંબીજનો ને ગામના પ્રતિષ્ઠિત માણસોએ મારા લગ્નની વાત ઉપાડી લીધી. મુંબઈના નિવાસ તથા સાત્ત્વિક સ્વભાવને લીધે ગામમાં મારી સુવાસ સારી પેઠે ફેલાઈ ચૂકેલી, તેથી સારાં સારાં કુટુંબો મારા લગ્નમાં રસ લેવા માંડ્યાં. પરંતુ જ્યારે તેમને ખબર પડી કે લગ્ન કરવાની મારી બિલકુલ ઇચ્છા નથી ત્યારે તેમને નવાઈ લાગી. દેવું કરીને ને લાગવગ લગાડીને પણ લગ્ન કરવા ને કરાવવામાં મહત્તા ને મોટાઈ માનનારા માણસોને મારી વાત તદ્દન નવી લાગે તે સમજી શકાય તેમ હતું. પોતપોતાની બુદ્ધિ પ્રમાણે તેમાના કેટલાક વાતો કરવા પણ લાગ્યા. કોઈ કહેવા માંડ્યા કે, 'એ તો હવે મુંબઈ ગયા અને અંગ્રેજી ભણવા માંડ્યા એટલે કાંઈ ગામડાની કન્યા ગમે? એ તો કોઈ શહેરની છોકરી સાથે લગ્ન કરશે. તો કોઈએ કહેવા માંડ્યું કે, 'કોઇ છૂપો રોગ હશે, નહિતર પરણવાની ના કેમ પાડે?' કોઈ કહે, હમણાં ભલે ના કહે, પાછળથી જરૂર હા કહેશે,' આમ લગ્નનો એક જ વિષય જુદી જુદી રીતે ચર્ચાવા માંડ્યો.

પણ મારું બધું જ ધ્યાન કામ અને ક્રોધને જીતીને સંપૂર્ણ



શુદ્ધ બનાવવામાં લાગી ગયું હતું. વળી પ્રત્યેક સ્ત્રીમાં પરમાત્માનું દર્શન કરવામાં મને આનંદ આવતો એટલે લગ્ન કરવાની વાત મને પસંદ ન પડી. બ્રહ્મચર્યનું બનતું પાલન કરી, આત્મિક વિકાસની મૂર્તિ બની, સ્વામી વિવેકાનંદને ને મહાત્મા ગાંધીજીની જેમ મનુષ્ય જાતિના મંગલ માટે કામ કરવાનાં હું સ્વપ્નાં સેવવા માંડ્યો.

મારી આધ્યાત્મિક અવસ્થાથી અજાણ માણસો મને કેટલીક વાર સમજાવવાનો પ્રયાસ કરતા. સરોડા જવાનું થતાં એવા પ્રસંગો સહેજે બનતા. એક ભાઈએ તો છેક ઈ. સ. ૧૯૪૪ સુધી મારા પરિવર્તનની આશા રાખી હતી. પણ છેવટે તેમને નિરાશ થવું પડ્યું. ગામમાં સોમાભાઈ વ્યાસ નામે એક ભાઈ હતા તેમને મારા પર પ્રેમ હતો. અમારા મકાન પાસેથી પસાર થતી વખતે માતાજીને તે વારંવાર કહેતા કે, 'એને સંસારમાં નાખી દો, પણ એ સંસારમાં નહિ પડે. તમે જાણો છો એ કોણ છે? એનાં લક્ષણો હું જોયા કરું છું, એ તો બ્રહ્મજ્ઞાની છે. બ્રહ્મજ્ઞાની તમારા કુળને તારી દેશે.' એમણે મારા ભાવોને કંઈક અંશે ઓળખ્યા હતા.

---o---

ભરતખંડમાં દ્વિજ જન્મ પામી જે મનુષ્ય પરમ તત્ત્વના સાક્ષાત્કારને માટે યોગ્ય પ્રયત્ન નહિ કરતાં કેવલ વિષયસેવનમાં પોતાનું જીવન વ્યતીત કરે છે, તે રત્નોના ચૂલા ઉપર સુવર્ણના પાત્રમાં ઉત્કૃષ્ટ ચંદનમાં લાકડાં વડે ડુંગળી રાંધે છે, અથવા આકડાનું મૂળ સંપાદન કરવા સુવર્ણના હળ વડે પૃથ્વી ખોદે છે.

**(મહાત્મા શ્રીનથુરામ શર્માનાં બોધવચનો)**

# अश्नामि प्रयतात्मनः

સત્સંગી

ભગવાન શ્રી કૃષ્ણે ભગવદ્ગીતામાં કહ્યું છે ભક્ત મને પત્ર, પુષ્પ, ફળ કે પાણી ભક્તિભાવપૂર્વક અર્પણ કરે તો તેને હું સ્વીકારું છું. એમ નહિ, પણ હું તે ખાઉં છું. આ રહ્યો એ ગીતાનો શ્લોક.

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥

ગીતાના રચયિતા ભગવાન શ્રી વ્યાસે अश्नामि શબ્દનો પ્રયોગ કરીને સગુણ ઉપાસનામાં ભક્તે પ્રેમપૂર્વક ધરેલી વસ્તુને પ્રભુ આરોગે છે. એવું આડકતરી રીતે, પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

મહારાષ્ટ્રના ખ્યાતનામ સંત શ્રી નામદેવના જીવનનો એક પ્રસંગ ખૂબ જાણીતો છે. એમના દાદાને એક વખત બહારગામ જવાનું થયું. તેઓ વિચારવા લાગ્યા કે ભગવાનની આ પૂજા કોને સોંપી જાઉં ?

એમને અચાનક સ્ફુર્યું કે "ભલે નામદેવ નાનો હોય પરંતુ હું પૂજા કરું છું ત્યાં સુધી કેવો તલ્લીન થઈને બેસી રહે છે ! છેવટે ભગવાનને ધરાવેલાં દૂધની પ્રસાદી લે પછીજ પાસેથી ખસે છે."

એટલે એમણે નામદેવને બૂમ મારી, "બેટા નામા, અહીં આવતો."



'શું છે દાદાજી ?"

હું બહારગામ જાઉં છું, તું મારા ભગવાનની પૂજા કરીશ ?" "હોવે દાદાજી, હું આપ કરો છો એમ જ પૂજા કરીશ."

"તો બેટા પૂજા કર્યા પછી ભગવાનને પ્રસાદ ધરાવવાનું ભૂલી ન જતો."

"નહિ ભૂલું દાદાજી, ભગવાનને ધરાવેલો પ્રસાદ ભગવાન ખાઈ લે પછી મને જ મળે છે એટલે હું નહિ ભૂલું, દાદાજી.'

"બસ ત્યારે થયું. બીજા કોઈને પૂજા માટે શોધવા જવાનું મટયું", એમ કહી દાદાજીએ મનની હળવાશ અનુભવી.

નક્કી કર્યા પ્રમાણે દાદાજી તો બીજા ગામે ચાલ્યા ગયા. અહીં નામદેવજી પૂજા કરવા બેઠા. માત્ર સાત વરસના જ. પણ પૂર્વ જન્મના સંસ્કારોને લીધે ભગવાનની સેવા, પૂજા ને કથામાં ખૂબ રસ. એટલે ખૂબ ધ્યાનથી પૂજા કરવા લાગ્યા. ભગવાનને નવરાવી, ચંદન–પુષ્પ કરી, પ્રસાદ ધરાવવા લાગ્યા.

"આંખ મીચી, પ્રભુને કહેવા લાગ્યા, "પ્રભુ તમે આ પ્રસાદ ખાઓ, મને દાદાજી જેવું કંઈ બોલતા આવડતું નથી. પણ જલદી ખાઈ લો.

આંખો ઉઘાડીને જોયું, પણ ઝારીમાંનું દૂધ એમ જ હતું. ફરી પાછી આંખો મીંચી ઉત્કટતાપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા. "પ્રભો, તમે કેમ ખાતા નથી ? શું મારાથી કંઈ ભૂલ થઈ ગઈ છે ! તમે નહિ ખાવ તો દાદાજી મને લડશે. માટે ખાવા માંડો.

ફરી આંખો મીંચી બેસી રહ્યા.

પાંચ મિનિટ રહીને ફરી પાછી આંખો ઉઘાડી. પણ પ્રસાદ એમનો એમ જ. હવે બાળસુલભ નિર્દોષતાથી તે રડવા માંડ્યા. રડતાં રડતાં કહેવા લાગ્યા, " તમે જો આજે પ્રસાદ નહિ ખાઓ તો હું પણ નહિ ખાઉં, ભૂખ્યો જ રહીશ '...બસ. દિલના ઉંડાણમાંથી સરલતાથી બોલાયેલા આ શબ્દોનો અદ્ભુત ચમત્કાર થયો ! ભગવાનની પ્રતિમા જીવંત બની હસવા માંડી ને હસ્ત પ્રસારી, દૂધની ઝારી લઈ પીવા માંડી.

હવે નામદેવની પ્રસન્નતાનો પાર ન રહ્યો. ભગવાનને પ્રસન્નતાપૂર્વક દૂધ પીતા તે જોઈ રહ્યો. એની આંખોમાં બાળ સહજ આનંદ ઉભરાતો હતો.

ત્યાં અચાનક તેને યાદ આવ્યું: ' અરે, પ્રભુ તો બધું જ દૂધ કેમ પી જાય છે ? મારા ભાગનો પ્રસાદ તો રહેવા દો. દાદાજી તો મને રોજ પ્રસાદનું દૂધ આપતા."

આટલું સાંભળતાં જ પ્રભુએ ધીમેથી દૂધનું પાત્ર પાટલા પર પાછું મૂકી દીધું.

નામદેવ તે ઘટઘટાવી ગયો.

આજે એને ખૂબ આનંદ થયો. દાદાજીએ સોંપેલી પૂજા પોતે બરાબર કરી શકયો, તેનો આનંદ એના દિલમાં સમાતો ન હતો. દાદાજી ક્યારે આવે ને આ કહું, એવી બાળક સુલભ ઉત્સુકતા તેના દિલમાં વ્યાપી ગઈ !

બે ત્રણ દિવસ પછી દાદાજી આવ્યા એટલે દાદાજીની સામે દોડી જઈને નામદેવ કહેવા લાગ્યો, " દાદાજી, મેં ભગવાનની પૂજા બરાબર કરી છે. પ્રસાદ પણ ધરાવતા જરાય ભૂલ્યો નથી."

' સરસ ' મને ખાત્રી હતી કે મારો નામદેવ પૂજા બરાબર જ કરશે.'



દાદાજી બીજા દિવસે પૂજા કરવા બેઠા. આજે નામદેવ સામે જ બેસી બધી ક્રિયા જોવા લાગ્યો.

દાદાએ છેવટે આંખો મીંચી ભગવાનને પ્રસાદ ધરાવ્યો. ને ઘંટડી વગાડી મંત્રો બોલવા માંડ્યા. નામદેવ તો ઉત્સુક્તાથી જોઈ રહ્યો કે હવે ભગવાન શું કરે છે ?

પરંતુ દાદાજીએ ઘંટડી મૂકીને પ્રસાદમાંથી પોતે જરા લઈ, નામદેવને દૂધની ઝારી હંમેશ મુજબ આપવા જતા હતા, ત્યાં તો તે બોલી ઊઠયો " અરે ! દાદાજી ! રહેવા દો. ભગવાને હજુ ખાધું નથી. હું બરાબર જોઈ રહ્યો છું."

દાદાજી નામદેવની નિર્દોષતા ઉપર હસી રહ્યા. એમણે એને માથે હાથ ફેરવી કહ્યું, ' બેટા, ભગવાન એમ તે કંઈ ખાય ! આપણે એમને ધરાવીએ, એટલું બસ "

" ના, ના, દાદાજી, હું ધરાવતો ત્યારે ભગવાન રોજ ખાતા ને પછી હું લડેલો કે બધું તમે પી જશો, તો મારે ભાગે પ્રસાદમાં શુ રહેશે ?"

આ સાંભળી દાદાજીને ભારે આશ્ચર્ય થયું. ! એમની આંખો આશ્ચર્યમાં પહોળી થઈ ગઈ, પછી ભાવાર્દ્ર હૃદયે બોલ્યા: " નામદેવ, ખરેખર શું ભગવાન તારો પ્રસાદ ખાતા !

' ખરેખર, પ્રભુ પ્રસાદ ખાતા. હું જુઠું નથી બોલતો, દાદાજી !'

હવે દાદાજીની આંખમાં આસુ આવી ગયાં. તે ફાટી આંખે નામદેવ સામે જોઈ રહ્યા ! મનમાં થયું શું પ્રભુ આ પ્રસાદ ખાય ખરા ? તો મને આટલાં વર્ષો એ વિચાર જ કેમ ન સૂઝયો !"

તુરત એમણે નામદેવને કહ્યું, " ચાલ, તો બેટા તું ભગવાનને આ પ્રસાદ ધરાવ. હું તો જ જાણું કે ભગવાન તારો ધરાવેલો પ્રસાદ ખાતા' તા"

નામદેવ તો ભગવાનની સામે બેસી, પ્રાર્થના કરવા લાગ્યોઃ ‘ પ્રભુ, આ બે દિવસ પ્રસાદ ખાધો, તો આજે પણ ખાઓ. નહિ ખાઓ તો દાદાજી માનશે કે હું જૂઠું બોલું છું.’

આંખો મીંચી તે બેસી રહ્યા. હવે ખુલ્લી આંખે જોવાનો વારો દાદાજીનો હતો! તેઓ આંખનું મટકું પણ માર્યા સિવાય જોઈ રહ્યા. પરંતુ પ્રભુ પ્રસાદ ખાતા ન દેખાયા.

નામદેવે હવે રડવા માંડયું કહેવા માંડયા,” તમે આજે જો નહિ ખાઓ તો હું ખાવાનું જ બંધ કરી દઈશ, તમે જ્યારે પ્રસાદ ખાશો ત્યારે જ હું ખાઈશ!

જાણે આ શબ્દોની જાદૂઈ અસર થઈ! દાદાજીએ મૂર્તિમાં ચેતન નિહાળ્યું ને ધીરેથી પ્રભુએ હાથ લાંબો કરી દૂધની ઝારી લઈ પીવા માંડયું.

દાદાજી દિગ્મૂઢ બની જોઈ રહ્યા.

ભગવાને કહ્યું, ‘ નામા, આ લે તારો ભાગ.’

નામદેવે તુરત જ આંખ ઉઘાડી, પ્રભુના હાથમાંથી દૂધની ઝારી લઈ લીધી. પછી દાદાજીને કહેઃ “ હું સાચું કહેતો’તો ને દાદાજી કે ભગવાન મારા પ્રસાદનું દૂધ પી જતા’તા.’

દાદાજીની આંખમાંથી બોરબોર જેવડાં આંસુઓ વરસી રહ્યાં. એમણે નામદેવને પોતાના ખોળામાં લઈ માથે હાથ ફેરવતાં કહ્યું, “ નામા, તું ખરેખર સાચો ભાઈ. મેં તો કદી માનેલું નહિ કે પ્રભુ આ રીતે પ્રસાદ ખાય. હું તો ધરાવવા ખાતર પ્રસાદ ધરાવતો.

“ આજે મને ભગવાનનાં એ વચનોનું રહસ્ય સમજાયું. अश्नामि प्रयतात्मनः । ભકતે પ્રેમપૂર્વક ધરાવેલી વસ્તુ હું (પ્રભુ) આરોગું છું.



## પ્રભુની પ્રીત

શ્રી. યોગેશ્વર

પ્રભુની પ્રીત કરી લે તું!
મિથ્યા માયામાં મર શું! પ્રભુની

પ્રભુનો લે આધાર સદા તો
    અશકય છે ન કશું;
વેદશાસ્ત્ર ને સંત કહે છે
    અનુભવશબ્દ હજુ. પ્રભુની

શાને સારે આંસુ, ભ્રમ મહીં
    ભટકે ભવમાં શું?
ચારુ ચરણનો રસ ચાખી લે,
    મધુને પી મુખનું. પ્રભુની

વૃત્તિઓને વિષયોથી વાળી
    ધ્યાન ધરી પ્રભુનું,
પાગલ કહે પરમપદ પામી,
    બડભાગી બન તું. પ્રભુની

## આવો હરિ

શ્રી સર્વેશ્વરી

મારા જીવન આંગણે આવો હરિ,
મીઠી પ્રેમની બંસી વગાડો જરી,

મન મધુવનની ગલીએ ગલીએ
પુનિત પગલી પાડો તમે.
પળપળ વીતી જાય છે સાચે
વેગે વ્હેલા આવો તમે—
હૃદયાસન પર સ્નેહે બિરાજો
જીવનભરનો તાપ હરો—

રસેશ્વરી હું બની તમારી
રસેશ્વર બની આવો ભલે

અખંડ ચૂડી અર્પીને હરિ
સંતાયા ક્યાં વિશ્વ મહીં

ફરી ફરી આવોને હે મોહન
મહોત્સવ બને આ જીવન—

—ૐ—



## હે બંસીના બજવૈયા!

શ્રી ડો. રણજિતભાઈ પટેલ ( અનામી )

હે બંસીના બજવૈયા!
મઝધારે ડગમગ ડોલંતી
પાર કરો મુજ નૈયા...હે બંસીના.

બંસીનાદે સ્થિર જમુના જલ,
વનપંખીના શમતા કલકલ,
શાન્ત પ્રકાશે તારા ચંચલ:
ચંચલ ચિત્ત તની તરણીને
સ્થિર કરો ખેવૈયા...હે બંસીના.

ગગનધરા ધપતાં તવ નાદે
સુરાવલિ સચરાચર બાજે,
સમતા સંગીત વિશ્વ વિરાજે:
તારે સાજે સકલ સુધામય
હલધરના લઘુભૈયા...હે બંસીના.

# પાત્રતા કેળવો

પ્રપન્નલાલ કાજી

સૂર્ય જેમ પૂર્વમાં ઊગે છે તેમ અધ્યાત્મનો સૂર્ય પણ પૂર્વમાં જ ઊગે છે અને પૂર્વમાંથી અધ્યાત્મ કિરણો આખી પૃથ્વી પર પ્રસરતાં રહેતાં આવ્યાં છે. લોહીના સંબંધનું જ્ઞાન પૂર્વમાં અને પશ્ચિમમાં છે. પણ ગુરુશિષ્યના સંબંધના જ્ઞાનનો ઉદય પૂર્વમાં થયો. એ સંબંધ લોહીના સંબંધ કરતાં વધારે ઘનિષ્ટ, અત્યંત પવિત્ર અને અસાધારણ સ્નેહવાળો હોય છે. અત્યારે પશ્ચિમમાં આ સંબંધની વાતો થાય છે અને ગુરુપૂર્ણિમા પણ ઉજવાય છે. તે ભારતના સંતોએ જઈને આ જ્ઞાનનો મહિમા અને તે જ્ઞાનનું ગૌરવ ત્યાં પીરસ્યું તેનું પરિણામ છે.

જેમ વારિ નીચે પડે છે તેમ ગુરુ જ્ઞાનવર્ષા પણ ઉપરથી નીચે વરસાવે છે. જનકરાજા પાસે બ્રહ્મજ્ઞાન લેવા માટે બાલબ્રહ્મચારી સંન્યાસી શુકદેવ તેના પગ આગળ બેસે છે. સંપૂર્ણ શ્રદ્ધા સાથે ગુરુપાદમાં બેઠલો શિષ્ય એક દિવ્ય ઉર્જા, પાવનકારી પરિવર્તનકારી ઉર્જા પ્રાપ્ત કરે છે. ગુરુની જ્ઞાનવર્ષા મેઘ સમાન હોવાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અભિમુખ ઉત્સુક અને વિશ્વાસવાળા લાખો શિષ્યો પર એકી વખતે પડે છે. ઈશ્વરને સમર્પિત થવું વધારે કઠિન છે, પરંતુ ગુરુને સમર્પિત થવું સહેલું છે. કારણકે ઈશ્વર ક્યાં છે, તે શિષ્યને ખબર નથી હોતી. ગુરુ તો ઈશ્વરનું સરનામું જ હોય છે.

સાચો મુમુક્ષુ પોતાના અગાધ અજ્ઞાનને જાણતો હોય છે. અને ગુરુને સર્વજ્ઞ માની શ્રદ્ધા રાખતો હોય છે. એની આજ્ઞા



બસ, એમાં શંકા નહિ. જાબાલિને ગુરુએ એક ગાય આપી અને જંગલમાં મોકલતાં કહ્યું કે એક ગાયની હજાર ગાય થાય ત્યારે આવજે. એક હજાર ગાય થઈ ત્યાં સુધી ધીરજ, પરિશ્રમ, જંગલની હાડમારી તથા ગોપાલનની સેવા. આમ કરતાં જંગલમાં જ તમામ જ્ઞાન પ્રકાશ લાધ્યો. શિષ્યની ધીરજ કેવી અદ્દભુત ! એણે સામો પ્રશ્ન કર્યો નહિ કે "ગુરુદેવ, કેટલાં વર્ષે આ થઈ રહેશે ?" ડૉ બેસંટ નામનાં અંગ્રેજ બાઈ ખૂબ અંહભાવવાળાં હતાં. એમનાં ગુરુ બ્લેવેટસ્કીના કરતાં બેસંટ ખૂબ સેવા કરતાં, છતાં બહારના મહેમાનો આગળ બ્લેવેટસ્કી તેણી સાંભળતાં ખૂબ નિંદા કરતાં તેથી છેવટે ડૉ. બેસંટના અંહભાવનું સંપૂર્ણ વિલોપન થયું પોતે અણઘડ પથ્થર છે અને ગુરુ તેમાંથી મૂર્તિ બનાવી રહ્યા છે. એમ એ માનતાં હતાં ગુરુ શીખની રીત અનોખી હોય છે.

ઈરાનનો એક સોદાગર ભારત આવતો હતો. તેના પોપટે કહ્યું "તમે ભારત જાઓ છો તો ત્યાંના પોપટોને પૂછજો કે મારી મુક્તિ કઈ રીતે થઈ શકે ? ભારત જ્ઞાન પ્રધાન દેશ છે મુક્તિ શીખ ભારતમાં જ મળે" ઈરાનના સોદાગરે ભારતના પોપટોના ટોળાંને પૂછ્યું કે મુક્તિ કેવી રીતે થઈ શકે ? એક સિવાય બધા પોપટ ઊડી ગયા. બાકી રહેલો પોપટ બેભાન થઈ ને નીચે જમીન પર પડી ગયો. આ વાત ભારતથી આવીને સોદાગરે પોતાના પોપટને કરી. તે પોપટ એક દિવસ બેશુદ્ધ થઈ ગયો અને સોદાગરે તેને મરેલો માની બહાર કાઢયો. તેને મરેલો જોઈ સોદાગર ઘણું રડ્યો. પછી તેને મૂકીને તેને દાટવાની વ્યવસ્થા કરવા ગયો. ત્યાં તો પોપટ ઊડીને ચાલ્યો ગયો. મુક્તિનું જ્ઞાન ભારતના પોપટે આપ્યું "મરો નહિ ત્યાં સુધી મુક્તિ થાય નહિ" પણ એ મોત અધ્યાત્મનું મોત

હોવું જોઈએ. એક સંત આવ્યા તેને બધા જુવાનભાઈઓએ ભેગા થઈ પૂછ્યું કે મુક્તિ કરવી હોય તો શું કરવું? સંત વિલક્ષણ હતા કે "તમે હું કહું તેમ કરશો?" વચન આપો. જુવાનો કહે કે અમારાથી થાય એવું જોઈએ, અમને ખર્ચ ન થાય એવું જોઈએ, સમય ઘણો ન જાય એવું જોઈએ, અત્યારે જ થાય એવું જોઈએ, સંત હસ્યા કે આ બધી શરતો કબૂલ, ત્યારે યુવાનોએ કહ્યું, "ત્યારે બોલો. "સંતે કહ્યું કે મરો. બધાંને કાગળ લખી દો કે હું મરી ગયો છું. મનથી શરીરથી મરી ગયો એમ જીવન જીવો તો મુક્તિ જ છે. અધ્યાત્મની ભાષામાં આને અભિનિવેશ કહે છે હું નથી તેમાં મારાપણું પ્રવેશે. છત્રી હું નથી છતાં મારાપણું પેસે; દેહ મન નથી, તેમાં મારાપણું પેસે, નિત્ય આત્માનું ધ્યાન કરવાથી સાક્ષીભાવ જ રહે. સજાગતા રહે.

ખાઓ, પીઓ અને મસ્તીમાં જીવો—આ મેરી ગો રાઉંડ (ચકડોળ) થોડા જ વખતમાં સોરી ગો રાઉન્ડ (મોતનો કૂવો) બની જશે. જીવનની દરેક પળ મૂલ્યવાન છે. તેનો ઉપયોગ કરી લો. તેમાં અત્યંત કિંમતી બ્રહ્મ મુહૂર્ત–રામ પ્રહર છે. તેમાં રાવણિયા વિચારો નહિ આવે. તે પ્રહરમાં પૃથ્વીપરના અને અપરોક્ષ તમામ સંતો સહાય કરવા તત્પર રહે છે. ઓમ્ બોલતાંની સાથે મુખ શુદ્ધિ વાતાવરણ શુદ્ધિ, સંતોની સહાય વણ માગી મળે અને સાધનામાં સહાય મળે છે. જપ નામસ્મરણ તીવ્ર બને, શાંતિ સહાયભૂત બને તેથી જ સંત રાતના જાગે છે. વિચારોના ઓળા મનમાં ન આવે. સુષુમ્ણા નાડી પ્રાણ શક્તિનું વહન કરે છે, સત્વગુણ સ્થિર થાય છે. તનને તેર શેર તો મનને પાશેર તો આપો "કામનું સાચવો, જે કાયમ રહેશે. કાયા તો બદલાયા જ કરે છે." કાળ જીભ



પર કાબૂ રાખો, વચનમાં અને ખાવામાં. તક ગુમાવે તેનું તકદીર ટૂંકું થાય, તક અપનાવે તેનું તકદીર ખીલી ઊઠે. અસ્થિનાપુરનું હસ્તિનાપુર બનાવો જ્યાં પ્રભુ વસે.

શિષ્યમાં સાધનાની નિયમિતતા, શુચિતા, શાંતિ, ઉત્સુકતા અભિમુખતા, ગ્રાહકતા, નમ્રતા આવે તો ગુરુ જાતે જ શિષ્યના શ્રેય માટે આવે છે, આંતરપ્રતીતિ થઈ જાય છે. તૈયારી એ જ ગુરુને શોધવાની ચાવી છે. બારણા પર લખેલું હોય "પુશ ધકકો મારો" અને તમે પુલ ખેંચ્યા કરો તો, બારણું ના ઉઘડે. અહંને ધકકો મારો અને પ્રેમ સર્વાત્મભાવને ખેંચી–રાખો. બારણું ખુલે છે, ગુરુની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

કલ્યાણની ઇચ્છા રાખનારે શ્રીસદ્ગુરુના ઉપદેશનું વારંવાર પ્રેમપૂર્વક મનન કરવું ને મનન કરીને આગ્રહ રાખી તે જ પ્રમાણે વર્તવું. એમ કરે તો જ જીવનું કલ્યાણ થાય છે. બીજી રીતે તેનું કલ્યાણ થતું નથી.

લોભી જેમ ધનનું ને નવી વિયાએલી ગાય જેમ પોતાના વાછરડાનું ધ્યાન નિરંતર કર્યા કરે છે તેમ ભકતે પરમ પ્રેમથી નિરંતર ભગવાનનું ધ્યાન કર્યા કરવું જોઈએ.

(મહાત્મા શ્રીનથુરામ શર્માનાં
બોધવચનો)

# પ. પૂ. માતાજી જ્યોતિર્મયીને શ્રદ્ધાંજલિઓ

[ પરમ પૂ. માતાજી જ્યોતિર્મયીનો સ્વર્ગવાસ ભાવનગર ખાતે તા. ૪–૧૦–૮૦ ના રોજ થયો. તેઓશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે પ. પૂ. શ્રી. યોગેશ્વરજી પર તેઓના ભક્તો ને પ્રેમીજનો તરફથી, દેશ તેમજ પરદેશથી, શ્રદ્ધાંજલિઓ મળતી રહી છે. નવે. ૮૦ ના અંકમાં શક્ય તેટલી આવી શ્રદ્ધાંજલિઓનો સમાવેશ કરેલો તેમ છતાં જે પાછળથી મળી ને જે કંઈક વાંચકો સમક્ષ મૂકવા યોગ્ય લાગી, તેમને અહીં રજુ કરી છે.
—તંત્રી ]

અધ્યાત્મનો અંક–૧ મળ્યો. પ્રથમ પાના ઉપરની સ્વ. માતાજીની તસ્વીર જોઈ તથા તેમના અંતિમ ઉદ્દગારો વાંચ્યા. અને ‘ શ્રદ્ધાંજલિ ’ વિષે વાંચ્યું, હૃદય દ્રવી ઊઠ્યું, હૈયું હાથ ન રહ્યું અને આંખમાંથી આંસુ આવી ગયા કે ઓકટોબર ૧૯૭૮ માં ટોરેન્ટોમાં એક મહિનો સાથે રહી જે પ્રેમ, વાત્સલ્ય અને મમતા હ્રદયના ઊંડાણમાંથી આવતી હતી તે હવે કદી જોવા કે અનુભવવા નહીં મળે ! તેમનો સ્વર્ગવાસ પૂ. શ્રી માટે જીવનમાં ના પુરાય તેવી ખોટ સમાન છે-દુઃખ અને લાગણી વ્યક્ત કરવા શબ્દો જડતા નથી, પાંત્રીસ વર્ષના તેમની સાથેના સંબંધોની સ્મૃતિઓ અને મધુરતા યાદ કરતાં તેમનો ચહેરો અને પ્રેમાળ હ્રદય આંખ સામેથી ખસતાં નથી. તેમની જીવન જ્યોત્ પરમ જ્યોતિમાં વિલિન થઈ ગઈ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તેવી હૃદયના ઉંડાણમાંથી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

—સુરેશ શાહ
ટોરેન્ટો કેનેડા



हमें यह जानकर बडा दुःख हुआ कि पूजनीय माताश्री अब भौतिक शरीर के रूप में इस जगत में नहीं है। किंतु हमारा दृढ विश्वास है कि तपस्वी व्यक्ति सूक्ष्म रूप में जगती मनुष्यां को प्रेरणा के स्त्रोत बने रहते हैं। माताजी की आत्मा हम सब को सन्मार्ग पर चलने की क्षमता दे यह हमारी परमपिता परमात्मा से प्रार्थना है।

श्री सत्यप्रसाद थपलियाल,
भूतपूर्व प्रिन्सिपाल
डीग्री कोलेज, मसूरी

—०—

પૂ. માતાજીના કૈલાસવાસ થયાના સમાચાર જાણી દુઃખ થયું. પૂ. માતાજી સાદા, સરળ અને ત્યાગમૂર્તિ હતાં.

આપ જેવા પ્રભુ ભક્ત પુત્રને જન્મ આપીને માતાજીનું જીવન ધન્ય બન્યું છે, અને તેમના પરમ પવિત્ર જીવન દ્વારા મૃત્યુ મંગલમય બન્યું છે.

આદ્ય શંકરાચાર્યે અંતિમ સમયે હાજર રહીને માતાના અંતિમ સંસ્કાર કર્યા હતા. શ્રી રંગ અવધૂતે માતાજીની સેવા કરી હતી. જ્યારે એ બંનેની આગળ નીકળી જઈને આપે માતાજીને સાક્ષાત જગદંબાનું સ્વરૂપ સમજીને હરહંમેશ અનન્યભાવે સેવા કરી છે. ધાર્મિક પ્રવાસ–પ્રવચનોમાં માતાજી સદા આપની સાથેજ હોય. ‘ માતૃદેવો ભવ ’ ની ઉક્તિને આપે ચરિતાર્થ કરી છે.

પિતા વેદવ્યાસે નીચે બેસીને પુત્ર શુકદેવજી પાસેથી શ્રીમદ્ ભાગવત કથાનું શ્રવણ કર્યું હતું. તેવીજ રીતે નમ્ર

અને નિરાભિમાની પૂ. માતાજીએ નીચા આસને બેસીને આપનાં ધર્મ પ્રવચનોનું શ્રવણ કર્યું હતું. માતાજી મરણ પામ્યાં નથી. તેઓ તો અમર થઈ ગયાં છે. તેમના સંબંધમાં કહી શકાય કે "મૃત્યુ તો મરી ગયું રે લોલ......"

પ્રો. જયકૃષ્ણ ત્રિવેદી,
મંત્રી, દિવ્યજીવન સંઘ,
મંત્રી, લાયન્સ કલબ, **મોરબી.**

—— ० ——

જય હો જય હો જગન્માતાનો કે જેણે શ્રી યોગેશ્વર જેવા ભવતારક પુત્રને પાળી, પોષીને સંસારમાં વિદાય લીધી! અને અનંત જીવનની યાત્રા આરંભી.

જેના સુપુત્રે હિમાલયની કંદરાઓ સેવી, પ્રશાન્ત ગાઢ અંધકારમયી રાત્રિઓમાં તપસ્યા કરી અને ધ્યાનની ચિરંતન–અસ્ખલિત જ્યોત ચાલુ રાખી, ને જગન્માતાનું દર્શન કર્યું, એમને ધન્ય છે.

પૂ. જ્યોતિર્મયી માતાએ, સુપુત્ર યોગેશ્વરજીના સાંનિધ્યમાં હિમાલય જેવાં દૂરનાંસ્થળોની યાત્રા કરી, વાસ કર્યો, વળી પૂ. યોગેશ્વરજીની કઠોર તપસ્યાનાં સાક્ષી બન્યાં, એવાં પૂ. માતાજીના આત્માને જગન્માતા પાર્વતી અને મહેશ્વર પ્રકાશના માર્ગે સ્વરભુવન ( વૈકુંઠ ) પ્રતિ દોરી જાઓ, એ જ પ્રાર્થના.

કુમુદચંદ્ર વૈદ્ય,
છોટાઉદેપુર

—— ✻ ——



પૂ. શ્રીના માતાજીના સ્વર્ગવાસના સમાચાર જાણ્યા તેમજ તમારી પવિત્ર ભાવનાથી થયેલી સેવાના પણ બધા સમાચાર જાણવા મળ્યા. એજ માતાજીનાં જ્યારે અમે પહેલીવાર (બોમ્બે) દર્શન કર્યાં અને ઘણી વાતો કરી પછી જ્યારે ઊઠયાં ત્યારે અમને પાણી આપ્યું; અને તેઓ કહેતાં "સરોજબેન ખૂબ ઈશ્વરપ્રેમી છે. અમે સુરતની આજુબાજુના ગામોમાં જઈએ છીએ ત્યારે અચૂક આવે છે." અને એજ માતાજી એમના અંત સમયે તમને બન્નેને આશીર્વાદ આપતા ગયાં. કેટલો આનંદનો વિષય છે!

આશાબેન શાહ,
નવાપુર

—— ✻ ——

વિ. અધ્યાત્મમાં પૂ. માતાજીના અવસાનના સમાચાર જાણી બહુ જ દુઃખ થયું. તમે તો કોઈપણ વસ્તુથી અજાણ છો જ નહીં એટલે તમને બધી જ ખબર આગળથી પડી ગઈ હશે. તમારા યોગી જીવનમાં પણ પૂ. માતાજીની તમે જે સેવા સુશ્રૂષા કરી તે ખરેખર પ્રસંશનીય છે. એ અંકમાં તમારો તેમજ પૂ. સરોજબેનનો માતાજીની સેવા કરતો ફોટો જોઈને મન ખરેખર ભરાઈ આવ્યું હતું.

–પુષ્પાબેન
કાબ્વે, ઝાંબિયા

—— ✻ ——

પૂ. માતાજી પ. પૂ. મહાત્માજી સાથે બે વખત લંડન પધાર્યાં અને અમો એમની નિર્મળ વાણી–સ્વભાવ–પ્રેમવાત્સલ્યથી પરિચિત થયા. આજે આપણી સમક્ષથી એ અમર આત્મા

આ નાશવંત દેહ છોડી પ્રભુચરણમાં સિધાવ્યો; પણ પૂ. માતાજી જ્યોતિર્મયીની દિવ્યજ્યોત અમર રહેશે. અમો સર્વે એ અમર આત્માને અમારા અંતરની શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. મા ભગવતી જગદંબા–પરમપિતા પરમાત્મા એ અમર આત્માને ચિરકાળ નિર્મળ શાંતિ અર્પો એ જ પ્રાર્થના.

–અંબાલાલ મિસ્ત્રી તથા અન્ય
રગ્બી. ( U. K. )

—o—

પરમ યુગાવતાર, પ્રાતઃવંદનીય વિભૂતિ, બ્રહ્મસ્વરૂપ, પૂજ્ય યોગેશ્વરજીના પવિત્ર ચરણારવિંદમાં લુસાકાથી શુકલજીનાં શતકોટિ પ્રણામ. આપના હૃદય સિંહાસને વિરાજતાં પરમ વંદનીય જગજ્જનની સ્વરૂપ વિશુદ્ધ વત્સલ હૃદયનાં માતુશ્રીના સ્વર્ગવાસી થયાના સમાચાર જાણી અત્યંત શોક અને દુઃખની લાગણી થઇ આપની કઠિન સાધના અને તિતિક્ષાના એક માત્ર સાક્ષી અને પ્રેરણાના પીયૂષ પાનારાં માતુશ્રીની ભૌતિક ચિરવિદાયથી આપના આધ્યાત્મિકજીવનમાં એક શૂન્યાવકાશ ઊભો થઈ ગયો. તેમ છતાં તપસ્વી પુત્રને સૂક્ષ્મ સ્વરૂપે, આત્મ તત્ત્વની ચિન્મય જ્યોતિ સદા પ્રકાશ આપ્યા જ કરશે. પુત્રની તિતિક્ષા માતાના તિતિક્ષામય જીવનમાંથી જ પાંગરેલી છે. આપના સ્થૂલદેહમાં અને સૂક્ષ્મ ચૈતન્યમય આત્મામાં જગદંબા સ્વરૂપ જગજ્જનનીનો સદૈવ વાસ છે. ઉમા ભારતીના શબ્દો યાદ કરું તો "મહાત્મા યોગેશ્વરજી જેવો માતૃભકત પુરુષ થયો નથી." આપની માતૃભકિતનું જગત સાક્ષી છે. આપે માતાજીને હંમેશાં સાથે રાખ્યાં. તેમની સર્વોત્તમ સેવા સાર-વાર જાતે કરી છે. માતાજીને તીર્થયાત્રાઓ કરાવી છે. દુનિયા-ના વિવિધ દેશોમાં માતાજીને આપની સાથે રાખ્યાં છે.



માતાજીના સાન્નિધ્ય સિવાયના જીવનનો આપે સ્વીકાર કર્યો નથી. U. K. માં માતાજીને જો હાજર રહેવા દેવામાં ન આવે ( સ્વામીનારાયણ પંથની મર્યાદા મુજબ ) તો પ્રવચન આપવા જવાનો પણ આપે ઇન્કાર કરી દીધો હતો. જે માતાએ પોતાના એકના એક પુત્રને પ્રભુપંથે જવા માટે સંમતિ આપી સંસારથી વિરકત રહેવા માટે અનુજ્ઞા આપી તે ત્યાગમયી પુણ્યશાળી માતાનો પુત્ર ઈશ્વર સાક્ષાત્કાર કરી, આજે હજારો જીવોનું આત્મકલ્યાણ કરીને તેમને ઈશ્વરના પંથે દોરી રહ્યો છે. ધન્ય છે એ ત્યાગમૂર્તિ પ્રેરણાદાયિની જનેતાને અને એ પનોતા પુત્રને !

–જમિયતરામ શુકલજી
લુસાકા, ઝાંબિયા.
( હિન્દુ એસોસિએશન )

પૂર્વ જન્મની ચિંતા કરવા કરતા આ જન્મની ચિંતા કરવી વધારે સારી આ જીવનનો કેવો આકાર આપવો છે તે વિચારી જે શેષ દિવસો છે તેનો સદ્ઉપયોગ કરી વિકાસ કરતા રહેવું તે જ વધારે અગત્યનું છે.

# રોગ નાશક મુદ્રાઓ

વૈદ્ય મગનલાલ ગોહેલ



જ્ઞાન મુદ્રા



શૂન્ય મુદ્રા



સૂર્ય મુદ્રા



વાયુ મુદ્રા




પ્રાણ મુદ્રા



વરુણ મુદ્રા





લિંગ મુદ્રા



પૃથ્વી મુદ્રા

મુદ્રાઓ દેવી દેવતાઓ, ન્યાસ, હોમ, પૂજન, યોગ વગેરે અનેક પ્રકારની હોય છે. પરંતુ કેટલીક મુદ્રાઓ રોગ શમનાર્થ સિદ્ધ થયેલ છે.

આ બ્રહ્માંડ પંચ તત્ત્વોનું બનેલ છે તે રીતે આ માનવ શરીર પણ પંચતત્ત્વોનું બનેલ છે. શરીરમાં તે તત્ત્વો સમસ્થિતિમાં હોય તો કોઇ રોગ થતો નથી. પણ કોઈ તત્ત્વની વધઘટ થવાથી રોગોત્પત્તિ થાય છે; અને તેથીજ મુદ્રાઓ વડે તત્ત્વોની સમાનતા કરવાથી રોગ નાબૂદ થાય છે.

શરીરમાં રહેલાં પાંચ તત્ત્વો આપણા હાથની આંગળીઓમાં જુદાં જુદાં રહેલાં છે.

અંગૂઠો–અગ્નિ તત્ત્વ.
તર્જની-( અંગુઠા પાસેની પહેલી આંગળી ) વાયુ તત્ત્વ
મધ્યમા–( મોટી આંગળી )–આકાશ તત્ત્વ.

અનામિકા–( ત્રીજી આંગળી )-પૃથ્વી તત્ત્વ.
કનિષ્ઠિકા–( ટચલી આંગળી )–જળ તત્ત્વ.

રોગ નાશ માટે હાથની આંગળીઓને એક બીજા સાથે જોડવાથી જે મુદ્રાઓ બને છે તેથી જુદા જુદા તત્ત્વોની વધ-ઘટ કરીને સપ્રમાણ બનાવે છે અને રોગનો નાશ કરી આરોગ્ય અર્પે છે.

ઉપાસના માટે કરવામાં આવતી મુદ્રાઓ એક આસંને બેસીને કરવી જોઇએ. પરંતુ રોગ નાશ માટે કરવાની મુદ્રાઓમાં તેવુ કોઇ બંધન નથી. હાલતા ચાલતા, સૂતા બેસતા અને કોઇ પણ કામ કરતા પણ મુદ્રાઓ થઇ શકે છે.

મુદ્રાઓ સામાન્ય રીતે રોગ નિમૂંળ થતાં સુધીજ કરવાની હોય છે. છતાં કોઇ મુદ્રા કાયમ કરવાથી આરોગ્ય માટે લાભદાયક હોય છે. દરેક મુદ્રા ૪૫ મિનિટ સુધી ઓછામાં ઓછી કરવી જોઈએ

## જ્ઞાનમુદ્રા

તર્જની અને અંગૂઠાને ઉપરના અગ્ર ભાગે લગાડવાથી આ મુદ્રા બને છે. આ મુદ્રા મસ્તિષ્કને સંબંધ ધરાવે છે. તેથી માથાના, મગજના અને માનસિક રોગો ઉપર વગર દવાએ પણ કામ આપે છે. મસ્તિષ્કના રોગો જેવા કે, ઊંઘ ન આવવી, ઓછી અથવા વધારે આવવી, પાગલપણું, સ્મરણ શક્તિની ક્ષીણુતા, કામમાં મન ન લાગવું, અને ક્રોધી સ્વભાવ માટે–આ મુદ્રાના અભ્યાસથી મસ્તક અને મનના તમામ દોષો દુર થાય છે. આ મુદ્રા વધારે સમય અને નિરોગી અવસ્થામાં પણ કરવાથી મગજ અને મન શાન્ત રહે છે. સ્મરણ-શક્તિ વધે છે. આધ્યાત્મિક જ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે.



## પૃથ્વીમુદ્રા

જ્ઞાનમુદ્રા મુજબ પરંતુ અનામિકા અને અંગૂઠાના અગ્ર ભાગે મેળવવાથી આ મુદ્રા બને છે. આ મુદ્રાથી શરીરની કમજોરી દૂર થાય છે, શરીરમાં કાન્તિ અને તેજ વધે છે. નવીન સ્ફૂર્તિ, આનંદ અને રોમે રોમમાં ઓજ નો સંચાર થાય છે. સંકુચિત વિચારોમાં પરિવર્તન આવે છે. રાજસ ગુણોની વૃદ્ધિ કરે છે. શરીરને સ્વસ્થ અને પુષ્ટ કરે છે. અધ્યાત્મના માર્ગે વળવા માટે સહયોગ આપે છે. આ મુદ્રા લાંબા સમય સુધી પણ કરી શકાય છે.

## વાયુમુદ્રા

તર્જની ને અંગૂઠાના મૂળમાં લગાડીને તર્જની ઉપર હળવેથી અંગૂઠો દબાવવાથી આ મુદ્રા થાય છે. વાતરોગો–સંધિવા, કંપવા, લકવો, પક્ષઘાત, અને વાઈનું દર્દ જેવા અસાધ્ય દર્દો મટી શકે છે–દવાની સાથે પણ આ મુદ્રા કરી શકાય છે તેથી રોગ વેલાસર શાન્ત કરે છે. આવા ભયંકર રોગ માટે વાયુમુદ્રા સાથે પ્રાણ મુદ્રા કરવાની વહેલાસર ફાયદો થાય છે.

પેટનાં દર્દો તે વાયુનાં દર્દ નથી તેથી તે દર્દો પ્રાણમુદ્રા અને ઉત્તાનાપદ આસનથી મટે છે. વાયુના કારણે કાનના દર્દ થયેલ હોય તો શૂન્ય મુદ્રાથી શાન્ત થાય છે.

## શૂન્ય મુદ્રા

મધ્યમાં આંગળીને અંગૂઠાની ગાદી ઉપર લગાડીને ઉપર હળવેથી અંગૂઠો દબાવવાથી આ મુદ્રા બને છે. કાનના દર્દો માટે, કાનમાં ચસકા નીકળવા માટે આ મુદ્રા કરવાથી ૫ મિનિટ-

માં દર્દ ઓછું થતું જશે અને તદ્દન મટી જશે. કાનવહેવો, કાનની બહેરાશ, વગેરે માટે ૪૫ મિનિટ મુદ્રા કરવી. દર્દ મટતાં સુધીજ આ મુદ્રા નો પ્રયોગ કરવો. આ એક ચમત્કારિક મુદ્રા છે.

### વરુણ મુદ્રા

જ્ઞાન મુદ્રાની જેમ કનિષ્ઠિકાને અંગૂઠાના અગ્રભાગે લગાડવાથી આ મુદ્રા બને છે. જળ તત્ત્વની કમીના કારણે થતા રોગ લોહી બગાડ અને તેના લીધે થતા ચામડીના રોગો શરીરનું લૂખાપણું દૂર થઈ શરીર સ્નિગ્ધ થાય છે.

### સૂર્ય મુદ્રા

અનામિકા ને અંગૂઠાના મૂળમાં લગાડીને તેના ઉપર અંગૂઠો દબાવવાથી આ મુદ્રા થાય છે. શરીરનો ભાર ઓછો કરવા માટે આ મુદ્રા નો ઉપયોગ થાય છે. અનામિકા અને અંગૂઠો બન્ને તેજનો વિદ્યુત પ્રવાહ ઉત્પન્ન કરે છે. તેથી યૌગિક દષ્ટિએ લલાટ કે જ્યાં દ્વિદલ કમળનું આજ્ઞા ચક્ર છે ત્યાં અનામિકા અને અંગૂઠાથી એક વિશેષ વિધિ અને ભાવનાથી તિલક કરીને કોઇ સ્ત્રી અથવા પુરુષ પોતાની અદૃષ્ટ શક્તિને બીજામાં પહોંચાડીને તેની શક્તિમાં વધારો કરી શકે છે.

### પ્રાણ મુદ્રા

કનિષ્ઠિકા અને અનામિકા બન્ને આંગળીઓ અંગૂઠાના અગ્રભાગે લગાડવાથી આ મુદ્રા બને છે. આ મુદ્રા પ્રાણદાયી શક્તિનું કેન્દ્ર છે. પ્રાણશક્તિની કમીના કારણે શરીરમાં અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે. પ્રાણશક્તિ શરીરમાં બરાબર



જળવાઇ રહે તો કોઈ રોગ થવા સંભવ નથી એટલે પ્રાણમુદ્રાનો અભ્યાસ દરેક રોગી–નિરોગી મનુષ્યે અવશ્ય કરવો જોઇએ. આ મુદ્રા મરજી મુજબ થઇ શકે છે. ઓછા વધુ કરવાથી કાંઈ નુકસાન થતુ નથી. આ મુદ્રા કાયમ કરવાથી આંખોને બળ મળે. નેત્ર રોગો મટે છે.

### લિંગ મુદ્રા

બન્ને હાથની આંગળીઓ સામસામી બીડાવીને ડાબા હાથનો અંગૂઠો સીધો ઉભો રાખવાથી આ મુદ્રા બને છે. આ મુદ્રાથી શરીરમાં ગરમી વધે છે અને તેથી વધેલો કફ બળી જાય છે. શરદી લાગી જાય ત્યારે આ મુદ્રાનો ઉપયોગ કરી શકાય છે આ મુદ્રા શરદી, સળેખમ નાબૂદ કરવા માટે અદ્ભુત કામ કરે છે.

પૂર્વજન્મ અને પૂનર્જન્મને ભારતીય સંસ્કૃતિએ માન્ય રાખી છે. કોઇના માનવા કે ન માનવાથી સત્યનો નાશ થતો નથી. સત્ય સ્વયં પ્રકાશિત છે.

પોતાની માટેનો પ્રતિકુળ વ્યવહાર–આપણને ન ગમતો વાણી અને વર્તનનો વ્યવહાર બીજાને માટે પણ ન કરવો. આમ કરવાથી આપોઆપ સદાચારની મર્યાદાઓ બંધાય છે.

# પૂ. યોગેશ્વરજીની અમૃતવાણી

સંકલન : કુન્દનિકાબેન વિ. રાણા

નજરબાગ ખાતેના પુરુષોત્તમ યોગ વિષય પરના જ્ઞાનસત્રના આઠમા દિવસે મહાત્મા શ્રીયોગેશ્વરજીની પવિત્ર સરલ અસ્ખલિત વાણીનો લાભ વિશાળ સંખ્યામાં ભાવિક જનોએ લીધો. પૂ. શ્રીએ જણાવ્યું કે જે માનવનાં શુભ કર્મો હોય તે શુભ-ઉત્તમ યોનિમાં, અશુભ કર્મ કરનારા અધમ યોનિમાં અને સંમિશ્રણથી–શુભાશુભ કર્મો કરનારા મધ્યમ પ્રકારની યોનિમાં જન્મ લે છે. આમ જન્મમરણમાંથી ક્યારેય મુક્તિ મેળવી શકતા નથી. મુક્તિ ત્યારેજ મેળવાય જ્યારે પુરુષોત્તમ સાથે યોગ સધાય.

ગુરુ પ્રત્યે સ્વાર્થ વગરનો, શંકા-કુશંકાઓ રહિત ભાવ હોય તો જ માણસ ભવસાગરને તરી શકે.

શરીરને છોડીને જતો આત્મા ક્યારે નીકળીને ક્યાં ગયો તેની કાંઈજ ખબર સામાન્ય માણસને પડતી નથી. આત્મા અતિશય સૂક્ષ્મ-સ્થૂલ આંખે ન જોઈ શકાય તેવો છે. પણ સિદ્ધ–યોગી–સંતો તેને ધ્યાન ચક્ષુથી જોઈ શકે.

જ્ઞાન મેળવ્યા પછી પચાવી શકવાની યોગ્યતા ન હોય તો તે જ્ઞાન ન મળે તે વધારે સારું. અન્યથા અતિ યોગ થવાની શક્યતા રહે છે.

પૂર્વજન્મનું જ્ઞાન બે રીતે થઈ શકે: (૧) યોગીઓ પોતાના સત્ય સંકલ્પદ્વારા સમાધિમાં પૂર્વ જન્મનું જ્ઞાન મેળવી શકે છે. (૨) સાધક જ્યારે આરાધના કરતો હોય ત્યારે સિદ્ધ પુરુષો તેને દર્શન આપીને તેમના કહેવાથી પૂર્વ જન્મનું જ્ઞાન પામે છે. પૂર્વ જન્મનું જ્ઞાન સાધકને આગળ વધવાની પ્રેરણા પૂરી પાડે.

પ્રિય વાંચકો,

'અધ્યાત્મ' સમાજના વિવિધ વર્ગોના વાંચકોમાં પ્રિય થઈ રહ્યું છે. તેની પ્રતીતિ કરાવતા પત્રો, તેમજ પૃચ્છાઓ ટપાલમાં આવતાં રહે છે.

'અધ્યાત્મ' માસિકના સંચાલન પાછળ એક સુસ્પષ્ટ ઉદ્દેશ કામ કરે છે. તે એ છે કે "માણસને મનુષ્યજીવનની મહત્તા સમજાવવી ને તેને તે ગમે તે રીતે વેડફી ન નાખે એટલું જ નહિ, પરંતુ ઈશ્વરાભિમુખ બનાવી તે આજ જીવનમાં સાચી આત્મિક શાન્તિનો અનુભવ કરી, મનુષ્યજીવનની ધન્યતાને પામે."

આ ઉમદા હેતુની સિદ્ધિ સાધના કર્યા સિવાય થઈ શકતી નથી, તે સૌ પ્રથમ જાણી લેવાની જરૂર છે.

બીજી મહત્ત્વની વાત, યોગ્ય માર્ગદર્શનની. તો મહાત્મા શ્રી યોગેશ્વરજી જેવા સમર્થ સાક્ષાત્કારી સંતની દોરવણી તમને મળતી રહેશે. એટલે જીવનમાં કોઈપણ પ્રકારના સાધન ભજનનો આશ્રય આજથીજ લેવા માંડો. તો છેવટે મનુષ્ય જીવનની કૃતાર્થતાનો અનુભવ એક ધન્ય દિવસે થશે જ.

પ્રાર્થના, ધ્યાન કે જપ આત્મિક શાન્તિના દ્વાર સુધી લઈ જનારાં પગથિયાં છે. આજથીજ તે પ્રેમપૂર્વક ધીરજથી ચઢવા માંડો ને ઈશ્વરની કરુણામાં વિશ્વાસ રાખો.

આટલું કરવાથી જીવનમાં બીજું કાંઇ નહિ તો માનસિક શાન્તિ જરૂરથી અનુભવી શકશો, જે ગમે તેટલું ધન ખર્ચે મળી શકતી નથી.

એ ન ભૂલતા કે 'અધ્યાત્મ' તમારી આ અણદીઠેલ સફરનું હોકાયંત્ર છે; એટલે આજેજ એનું લવાજમ ભરો.

–તંત્રી

'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.

તનના રોગ માટે જેમ દવાની જરૂર છે તેમ મનના રોગ માટે ધ્યાન, પ્રાર્થના ને જપની જરૂર છે. તે સિવાય મન શાન્ત થતું નથી.


# NULIFE
**Pharmaceuticals**

410, Parekh Market, Opera House,
Bombay–4

203 Pleasant Apartments
15th Lane, Prabhat Road,
Poona–4


રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ જગાફોકનાડેલામાં લોખંડબજાર, ભાવનગર.